Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૪૮ • તા. ૨૭ નવેમ્બર ૨૦૧૭ થી ૦૩ ડિસેમ્બર ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17




## સં. ૨૦૭૪ કારતક વદ ૧૨, બુધવાર તા. ૧૫-૧૧-૨૦૧૭ના, બ્રાહ્મમુહૂર્તે સવારના ૪.૩૦ કલાકે ભાંડુપ નગરે શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો, ખારેક બજાર, મુંબઈ-૯ સંચાલિત શ્રી આદિનાથજી નૂતન જિનાલયની ભૂમિ શુધ્ધિકરણ વિધી અચલગચ્છાધિપતિ, આ.ભ. અને સાધુ ભગવંતો દ્વારા વાસક્ષેપ સાથે અન્ય મહાનુભાવોની હાજરીની ઝાંખી









# શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ
# શ્રી ભવાનજી અરજણ ખીમજી જૈન એજ્યુકેશનલ કેમ્પસમાં
# પ.પૂ. અચલગચ્છાધિપતિ આદિ આચાર્ય ભગવંતોના પુનિત પગલાં
# ગુરૂજી અમારો અંતર નાદ - અમને આપો આશીર્વાદ


પ.પૂ. આ.ભ.નું આગમન


પ.પૂ.આ.ભ.ને ગુરૂવંદના


પ.પૂ.આ.ભ.નું ગહુંલીથી આવકાર


પ.પૂ.આ.ભ. દ્વારા માંગલિક સૂત્ર


શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહના ટ્રસ્ટી અને અધિકારીગણ પ્રતીક્ષામાં


વિદ્યાર્થીઓ પ્રતીક્ષામાં


ટ્રસ્ટી શ્રી હંસ બી. ખામજી અને શ્રી નયન ભેદા ગુરૂપૂજન


ટ્રસ્ટી શ્રી શિવજી વિકમસીની ભાવ વિભોર મુદ્રા

## ગુરૂજી અમારો અંતર નાદ – અમને આપો આશીર્વાદ



સંસ્થાના ઉપપ્રમુખ શ્રીમતી દમયંતીબેન દ્વારા અનુદાનની જાહેરાત



હાજર પ્રેક્ષક સમુદાય



સંસ્થાનું બેન્ડ પથક



પ.પૂ. આ.ભ. આદિ થાણા



પ.પૂ. આ.ભ. ને વિદાય



ક. છાત્રાલયની વિદ્યાર્થીનીઓ બેડલાં સાથે



# VLVG CONGRATULATES !

**PRIDE FOR SHRI VIRJI LADHABHAI KDO JAIN VIDYARTHIGRUH,**
**Shri Bhawanji Arjan Khimji Educational Campus, Ghatkopar.**



## DHAWAL RAVIKANT GOSHAR

**BAYATH – MALKAPUR**

**A VLVG STUDENT DOING BMS THRU K.J. SOMAIYA HAS DOUBLE ACHIEVEMENT.**

HIS STUDY PAPERS ON MARKETING MANAGEMENT-READ AT NATIONAL CONFERENCE ON TRANSFORMATION & INNOVATION IN MANAGEMENT, HELD ON 9th SEPT.2017, CONDUCTED BY MUMBAI UNIVERSITY AT LALA LAJPATRAI COLLEGE - MUMBAI, AND PUBLISHED IN INTERNATIONAL JOURNAL OF RESEARCH IN ECONOMICS & SOCIAL SCIENCES PAGE No. 190-199 VOL.7-ISSUE-9 - DTD. 9th SEPT.2017.

ALSO HIS OTHER STUDY PAPERS ON CASHLESS ECONOMY IN INDIA ARE RCOGNIZED AT NATIONAL CONFERENCE ON OPPORTUNITIES & CHALLENGES HELD BY THE BYRAMJEE JEEJEEBHOY COLLEGE OF COMMERCE - MUMBAI, AND PUBLISHED IN INTERNATIONAL JOURNAL OF RESEARCH IN MANAGEMENT & SOCIAL SCIENCES PAGE No.106-109 - Vol. 5, ISSUES 4 ,OCT-DEC-2017.

**KEEP IT UP DHAWAL ! WE ARE PROUD OF YOU !!**
**ALL THE BEST FOR FUTURE !!!**

**Shri VLVG Trust Board, Managing Committee, Staff & Students.**

# CONGRATULATION



## Ku. SALONI NAVINBHAI LALKA

(M.Com, PGD in EXIM AND INTERNATIONAL FINANCE)
Date of Birth : 12.12.1991

**has been appointed as Academic Faculty in Navkar Public School (Unit of Navkar Institute)**

''છુઓ આસમાન કો યે દુઆ હૈ હમારી,
જીવન કી હર ડગર પર સફલતા સાથ રહે તુમ્હારી,
બસ યહી હૈ ખ્વાહીશ, યહી હૈ આરઝુ હમારી.''

-: શુભેચ્છક :-

દાદાણાં પરિવાર : **સ્વ. જેઠાભાઈ હીરજી લાલકા** (બાંઢીયા-અમદાવાદ)
નાનાણાં પરિવાર : **સ્વ. ટોકરશી ભવાનજી નાગડા** (લુણી-શિરપુર)

**Mobile : 8460042421 / 9409637875**

# પ્રથમ પુણ્યતિથીએ
# સ્મૃતિ વંદના



## સ્વ. રતનબેન કાંતીલાલ મોતા
(રાયધણજર)

તમે નથી કોઈ નથી, સાવ સુનું છે જગત,
તસ્વીરનો ચહેરો બની, છલકાય છે તમારૂં સ્મરણ.

## આપના સંતાનો
## ટિકીટાર પરિવાર

મુંબઈ - વડોદરા

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 48/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,
Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

**તંત્રી સમીપે**

# મધ્યાહ્ને સૂર્ય તપે છે ?

હાલના તબક્કે જ્ઞાતિની અનેક સંસ્થાઓ, મહાજનો અને ટ્રસ્ટોના વર્તમાન પદાધિકારીઓ અને ટ્રસ્ટીઓની કાર્યાવધિનો મધ્યાહન કે મધ્યાંતર સમય ચાલી રહ્યો છે.

સમસ્ત મહાજન, વસતીપત્રક સમિતિ, મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિ, કચ્છ અને હાલારના વતનનાં ગામોનાં મહાજનો, મહારાષ્ટ્ર એકમ, દક્ષિણ ભારત એકમ, પશ્ચિમ એકમ, કચ્છ એકમ, અન્ય એકમોની કાર્યકારિણી સમિતિ, મહાસમિતિ, ટ્રસ્ટબોર્ડના ટ્રસ્ટીઓ, સભ્યો અને પદાધિકારીઓએ પોતાની કાર્યમુદતનો અડધો જેટલો સમય પૂરો કર્યો છે.

તેવી જ રીતે, અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓની પણ મુદત-કાલાવધિનો શેષ સમય અડધા જેટલો બાકી છે.

અરિહંત બેંકના ડાયરેક્ટર્સ બોર્ડની કાર્યમુદત અડધે પહોંચવાને હજી ઠીક સમય બાકી છે, પરંતુ, તો પણ બેંકના સંચાલકોએ તો દરેક વર્ષના અંતે જ્ઞાતિ સમક્ષ પોતાની કામગીરીની પરીક્ષા આપવાની હોય છે અને વર્તમાન બોર્ડ અત્યાર સુધી શેર ધારકોની બે વાર્ષિક સામાન્ય સભાઓ બોલાવી છે તે કારણસર પણ તેમણે જાણે કે અડધી મજલ પાર કરી હોય તેવા તબક્કે પહોંચ્યા છે તેમ સ્હેજે કહી શકાય.

આ ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ અને ડાયરેક્ટર્સ દ્વારા આ સમય દરમ્યાન પોતપોતાની સંસ્થાઓમાં થયેલ કાર્યવાહીનું અન્ય કોઈ દ્વારા મુલ્યાંકન કરવા રાબેતા મુજબની પિષ્ટપુંજણ કરવાની રીત-પ્રથાને બદલે તેઓ પોતે જ પોતાની કાર્યપધ્ધતિ, પ્રવૃત્તિઓ અને તેની ગુણવત્તા અંગે પ્રમાણિક લેખા જોખા કરે તે પ્રકારનો ઉપક્રમ તેઓ આ મધ્યકાળે પ્રયોજે તો ખાસ કરીને તેમના ટ્રસ્ટ, મહાજન કે સંસ્થા માટે ઘણું લાભપ્રદ નીવડે તે વિષે બે મત ન હોઈ શકે.

આ માટે પ્રથમ તો આ સભ્યો, ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓ પ્રમાણિકપણે આત્મનિરીક્ષણ કરે કે પોતે ચૂંટાયા તે વખતે જે ઉમંગ-ઉત્સાહ, અભિલાષા, મનોરથો ધરાવતા હતા તેની માત્રા હજી પણ એટલી જ છે કે ઓછી થઈ ગઈ છે ? અથવા તો ઉલ્ટાની વધી ગઈ છે કે પછી તેઓ હતોત્સાહમાં સરી પડ્યા છે અથવા તેમની સંસ્થા, ટ્રસ્ટ કે મહાજનની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં તેઓ ઘણી બધી આડખીલી - અડચણ અનુભવી રહ્યા છે ? કે પછી તેમણે પોતાની ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ કર્યો નથી અથવા તો અત્યારસુધીના વહીવટ દરમ્યાન આવેલા વિઘ્નોના તેમણે સફળતાપૂર્વક સામનો કરીને, તેનો ઉકેલ લાવીને સંતોષપ્રદ પરિસ્થિતિ ઉભી કરી શક્યા છે અને હવે તેમની કાર્યાવધિના શેષ અડધા સમયમાં તેઓ પોતાની ભૂતકાળની ક્ષતિઓ કે ભૂલોમાંથી બોધપાઠ લઈને તેમની સંસ્થા-ટ્રસ્ટ-મહાજનની પ્રવૃત્તિઓ યોજનાઓને હવે સવિશેષ ખંત અને કાર્યક્ષમતાથી પૂરી કરી શકશે અથવા તેમાં સમુચિત પ્રગતિ હાંસલ કરી શકશે ??

હકીકતમાં તો કોઈ પણ સંસ્થા, મહાજન કે ટ્રસ્ટના સંચાલકોએ આ પ્રકારનું આત્મપરીક્ષણ કરવા પોતાની વહીવટી કાર્યાવધિના મધ્યકાળ આવવાની વાટ જોવાની

ન હોય પરંતુ જેમણે એકાધિક વર્ષ પણ પુરું કર્યું હોય તેમણે પણ આ રીતનો ઉપક્રમ પોતાના સહકાર્યકરો જોડે શરૂ કરવો જોઈએ અને સમયાંતરે તે જારી રાખવો જોઈએ.

આપણા દેશમાં અને લોકશાહી શાસન પધ્ધતિ અપનાવતા કેટલાક વિદેશોમાં પણ સત્તાધારી શાસકોએ પોતાની વહીવટી મુદત પૂરી થવાને બે-ત્રણ વર્ષ બાકી હોય તો પણ સામે ચાલીને મધ્યસત્ર ચૂંટણીઓ યોજીને જનતાનો વિશ્વાસ મેળવવા પોતાની રાજકીય કારકિર્દીને હોડમાં મૂક્યાનાં અનેક દૃષ્ટાંતો ભૂતકાળમાં બન્યા છે. આપણી જ્ઞાતિમાં પણ અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ સને ૧૯૬૫ આસપાસના સમયમાં આવું પગલું લીધેલું. અલબત્ત, સમસ્ત મહાજન સહિતના અન્ય મહાજનો કે ટ્રસ્ટોના વર્તમાન સંચાલકો આ તબક્કે જ્ઞાતિજનોનો વિશ્વાસ કે પુનર્વિશ્વાસ સંપાદન કરવાનો નિર્ણય લે તેવી અપેક્ષા રાખવી એ વધુ પડતું છે.

પરંતું એટલું તો ચોક્કસપણે કહી શકાય કે વર્તમાન ટ્રસ્ટીઓ અને અધિકારીઓએ પોતાની વહીવટી કાર્યકારિણીના પ્રમાણિક આત્મનિરીક્ષણની કસોટી તો ત્યારે જ કરી કહેવાશે કે જ્યારે આ પદાધિકારીઓ - ટ્રસ્ટીઓ એ પરિસ્થિતિની કલ્પના કરે કે તેમના મહાજન, ટ્રસ્ટ કે સંસ્થામાં કોઈ ટેકનીકલ કે વિધિપૂર્તિની ક્ચાશ-અધુરાશ-દોષ-ક્ષતિને કારણસર આમ બે-અઢી વર્ષ પછી ફરીથી ચૂંટણી એટલે કે મધ્યસત્ર ચૂંટણી કરવાની નોબત આવે તો શું તેઓ તે ચૂંટણીમાં ફરીથી ઉમેદવારી નોંધાવવા હજી પણ પહેલાં જેટલા જ ઉત્સાહી કે ઈચ્છુક છે કે રહેશે ? કે પછી આ તબક્કે યોજાતી ચૂંટણીમાં તેઓ જો ઉમેદવારી નોંધાવશે તો મતદારો સમક્ષ કેટલા અંશે તેઓ સમુચિત વિશ્વાસ અને વિશ્વસનીયતા ધરાવતી પોતાની પ્રતિમા દાખવી શકશે અને તે ચૂંટણીમાં પોતે વિજયી નીવડી શકે તેની કેટલી અને કેવી શક્યતા છે ? !

આ પ્રકારના અન્ય પ્રશ્નો પણ ટ્રસ્ટો અને મહાજનોના અધિકારી વર્ગે પોતાની સમક્ષ સાક્ષી ભાવે મૂકવા જોઈએ.

આશા રાખીએ કે આવી કાલ્પનિક પરિસ્થિતિ અત્યારે હકીકત સ્વરૂપે ન હોય તો પણ ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓ એમના પદદાયિત્વની મધ્યાહ્ન વેળાએ સ્વતઃ ઉક્ત પ્રશ્નોનો હાર્દ મેળવવા પ્રમાણિક આત્મમંથન કરે.

-રા.


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.



# શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ
# શ્રી ભવાનજી અરજણ ખીમજી જૈન એજ્યુકેશનલ કેમ્પસમાં,
# પ.પૂ. અચલગચ્છાધિપતિ આદિ આચાર્ય ભગવંતોના પુનિત પગલાં
# ગુરૂજી અમારો અંતર નાદ - અમને આપો આશીર્વાદ





તા. ૧૫-૧૧-૧૭ બુધવાર એટલે **શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ - શ્રી ભવાનજી અરજણ ખીમજી જૈન એજ્યુકેશનલ કેમ્પસ** માટે સોનાનો દિવસ ઉગ્યો. અચલગ્છાધિપતિ, તપચક્રવર્તી **પ.પૂ. આ. ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**, સાહિત્ય દિવાકર, સૂરિમંત્ર આરાધક **પ.પૂ. આ. ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.ભ. શ્રી મહોદય સાગરસૂરીશ્વરજી મ.સા.** આદિ થાણા એક સાથે ચાર-ચાર આચાર્યોના પુનિત પગલા સવારના ૮.૪૫ વાગ્યે અત્રે **શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ - શ્રી ભવાનજી અરજણ ખીમજી જૈન એજ્યુકેશનલ કેમ્પસ**ના આંગણે થયા હતા.

પૂ. ગુરૂભગવંતોને **શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ**ના બેન્ડ પથકના તાલે, **માતુશ્રી લક્ષ્મીબાઈ વીરજી કન્યા છાત્રાલય**ની વિદ્યાર્થીનીઓ શુકનવંતા રંગબેરંગી બેડલા સાથે, ગહુંલી અને અક્ષતથી વધાવવા, શ્રાવિકાઓ, સંસ્થાના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ, સંસ્થાના અગ્રગણ્ય ટ્રસ્ટીઓ - શ્રી શિવજીભાઈ વીકમસી, શ્રી હંસ ભવાનજી ખીમજી, શ્રી કમલેશભાઈ વીકમસી, શ્રી નયનભાઈ ભેદા, શ્રી ચાંપશીભાઈ શાહ, ઉપપ્રમુખ શ્રીમતી દમયંતીબેન શાહ, માનદ મંત્રી શ્રી નરેશભાઈ મોમાયા, વ્ય. સમિતિના સભ્યો શ્રી હેમરાજભાઈ ગોશર, શ્રીમતી વિમલાબેન ગોશર, શ્રી અનિમેષભાઈ ધરમશી, શ્રીમતી દિપીબેન ધરમશી, શ્રીમતી ધનલક્ષ્મીબેન મોમાયા, શ્રી અનુજભાઈ લોડાયા, શ્રી પરાગભાઈ છેડા, શ્રી મોતીચંદભાઈ ખોના, મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ મોતા, શ્રી જી.વી.સી. સંઘના પ્રમુખશ્રી સમીરભાઈ નાગડા અને વ્ય. સમિતિના સભ્યો પરિવાર સાથે અને જગડુશા નગર સંઘના શ્રાવકો વગેરેએ ગુરૂ વંદનનો લાભ લીધેલ.

આપણી સંસ્થાનું અહોભાગ્ય કે, વયોવૃધ્ધ અને વયસ્ક પ.પૂ. આચાર્યોએ વિદ્યાર્થી ગૃહના સોપાન સુખ-શાતાપૂર્વક ચાલીને પહેલે માળે પધાર્યા, જ્યાં પ.પૂ.આ.ભ.નું શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહની પાઠશાળાના વિદ્યાર્થીઓ દ્વારા સામુહિક ગુરૂ-વંદન થયું. પ.પૂ. આ.ભ. દ્વારા માંગલિક સૂત્રોચ્ચારથી વિદ્યાર્થીગૃહની ભૂમિ પવિત્ર બની.

પ.પૂ. પ્રિયંકર મ.સા.એ પૂજ્ય ગુરૂભગવંતો વતી આશીર્વચન આપતા કહ્યુ કે ગૌરવવંતી કે.ડી.ઓ. જ્ઞાતિની શૈક્ષણિક ક્ષેત્રે પ્રગતિ દર્શાવતું, શતક વટાવી ચૂકેલું, સરસ્વતી મંદિર, જેને આજનું અદ્યતન સગવડો ધરાવતું જ્ઞાનની આરાધનાનું કેન્દ્ર - સંકુલ બનાવવા શ્રી શિવજીભાઈ વીકમસી, શ્રી હંસ બી. ખીમજી, શ્રી રાયચંદ ધરમશી પરિવાર અને અન્ય સભ્યોએ વર્ષોની જહેમત કરી, જ્ઞાતિનું સપનું સાકાર કરી, સમાજને સમર્પિત કર્યું જે તે અનુમોદનીય છે. સાથે સાથે જિનેશ્વર ભગવાનનું જિનાલય અથવા મંગલમૂર્તિ વાળી નાનકડી દેરી હોય તો વિદ્યાર્થીઓને દર્શન-પૂજા નો લાભ મળે એવું સૂચન કર્યું.

સંસ્થાના ઉપપ્રમુખ શ્રીમતી દમયંતીબેન શાહે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સંસ્થા વતી રૂપિયા એક લાખ જ્ઞાનની આરાધના માટે, તેમજ રૂપિયા એકાવન હજાર સાધુ-સાધ્વીજી સમુદાયના વૈયાવચ્ચ માટે અનુદાનની જાહેરાત કરી હતી. માંગલિક પુર્ણાહુતી બાદ સંસ્થાવતી રૂા. ૧૦૦ની પ્રભાવના કરવામાં આવેલ. અને સંસ્થાના ત્રીજા માળે આવેલ ભોજનશાળામાં સર્વે પધારેલ આમંત્રિતોએ નવકારશીનો લાભ લીધેલ.



# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966**

**જખૌ, કચ્છ - ૩૭૦૬૪૦.**

શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા વર્ષોથી પશુ સેવામાં પ્રવૃત્ત છે. ગાય, ભેંસ, વાછરડા, બળદ, પાડા, વૃદ્ધ, અશક્ત, બીમાર - કુલ ૧૮૦ ઢોર હાલમાં આશ્રય લઈ રહ્યા છે. તેમને ઘાસચારો, આહાર, દાણ, ડોક્ટરી સેવાઓ, દવા, માવજત વગેરે નિયમિત પૂરી પડાય છે. ૮ કર્મચારી ઢોરો ની સેવામાં પ્રવૃત્ત છે.

ઘાસચારા તથા ખાધાખોરાકીના મોંઘા ભાવ તથા સારા પગાર ઘોરણો ના કારણે માસિક રૂપિયા ૩ લાખ જેટલો ખર્ચ થાય છે, જે જીવદયા પ્રેમી ઉદારદિલ દાતાઓ, મહાજનો, સંઘો, ટ્રસ્ટોના દાન સહયોગથી પૂરું કરાય છે. તાજેતરના આર્થિક નિયમોના અમલના પરિણામે, સંસ્થાને મળતા દાનમાં રૂકાવટ વર્તાય છે.

**ખર્ચને પહોંચી વળવા દાતાઓની લાગણી તથા સુચનને અનુસાર દાન માટે વિશિષ્ટ ''વાર્ષિક સહાયતા યોજના''નું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું છે.**

## યોજનાની રૂપરેખા

**૧) આ યોજના ૧ ઑક્ટોબર, ૨૦૧૭ થી ૩૧ ડીસેમ્બર, ૨૦૧૮ દરમિયાન ૧૫ મહીના અમલમાં રહેશે.**

**૨) દાતા દ્વારા દર મહીનાનું રૂપિયા ૧,૦૦૦/- પ્રમાણે દાન સ્વીકારાશે.**

**૧) ઑક્ટોબર - ડીસેમ્બર ૨૦૧૭ રૂા. ૩,૦૦૦/-**

**૨) જાન્યુઆરી - ડીસેમ્બર ૨૦૧૮ રૂા. ૧૨,૦૦૦/-**

**કુલ રૂા. ૧૫,૦૦૦/-**

**૩) દાનની રકમ દાતા અનુકુળતા મુજબ દર મહિને/હપ્તાથી/એકસાથે આપી શકશે.**

**૪) ૧૫ મહીના દરમિયાન વચ્ચેથી પણ દાતા યોજનામાં સામેલ થઈ શકશે.**

અત્યાર સુધી ૫૭ દાતાઓએ આ યોજના મુજબ દાન જાહેર કરેલ છે. તેમની નામાવલી પ્રકાશ સમીક્ષામાં અંક ૪૧, ૪૩-૪૪ અને ૪૬માં જાહેર કરેલ છે. ત્યારબાદ નીચે મૂજબ ના દાતાઓએ આ યોજના મુજબ દાન જાહેર કરેલ છે.

## વાર્ષિક સહાયતા યોજના : દાતાઓની નામાવલી

**૫૮) એક સદ્‌ગ્રહસ્થ, નલિયા**

**૫૯) માતુશ્રી ચંપાબેન હંશરાજ ડાઘા, વરાડીયા - માટુંગા હસ્તે શ્રી હીરાલાલ ડાઘા**

**૬૦) શેઠ શ્રી ધનજી ચાંપસી લોડાયા, જામનગર**

**૬૧) શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન શ્વેતામ્બર દેરાસર, ચાલીસગામ**

**૬૨) શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક અગાસી અચલગચ્છ જૈન સંઘ, અગાસી**

**દાતાઓનો ખૂબ ખૂબ આભાર**

**આ યોજના સિવાય પણ દાન સ્વીકારાય છે.**

**દાન ઈન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે.**

**દાતાઓ નો ઉદાર સહયોગ અપેક્ષિત છે. આ યોજના સિવાય પણ દાન સ્વીકારાય છે.**

**Banking Details :**

**Name : Sri Jakhau Panjrapol Trust & Gaushala**

Mumbai :
**Shri Arihant Co-op. Bank Ltd.**, Chinch Bandar Branch
A/c # 004001000558
IFSC - ICIC 00 ARIHT

Naliya - Kutch :
**Dena Bank,** Naliya Branch. Kutch
A/c # 107110001096
IFSC - BKDN 0331071

**લિ. શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળાના ટ્રસ્ટીઓ વતી**

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઈ - થાણા)

**મો.: 93239 17075 ઈમેલ : mdkhona@hotmail.com**

## ભાંડુપમાં આદિનાથ જિનાલયનું સ્થાનાંતર ?




આદિનાથ જિનાલય અને અનંતસિધ્ધિ ભાંડુપ બંને એક બીજાના પૂરક. મુંબઈ મહાજનના નેજા હેઠળ ભાંડુપ સંઘ સુચારૂ રૂપે દેરાસરનું સંચાલન વર્ષોથી કરી રહ્યો છે.

હમણાં વોટ્સએપના માધ્યમે જાણવા મળ્યું કે પૂ. અચલગચ્છાધિપતિશ્રીના હાથે, શુભ ચોઘડીયે ૧૫-૧૧-૨૦૧૭ ભૂમિ શુધ્ધિ પૂજન કરાવવામાં આવ્યું, જ્યાં નવા જિનાલયની સ્થાપના કરવામાં આવશે અને તે પણ ૨૪ જિનાલય. વહેલી સવારે ૪.૩૦ થી ૫.૦૦ વાગે અનંતનાથ ટ્રસ્ટના ગૌરવવંતા ટ્રસ્ટીઓ, મુંબઈ મહાજનના અધિકારીઓ અને ભાંડુપ અનંતસિધ્ધિ ના મુખ્ય રહેવાસીઓ જ હાજર હતા. મંત્રોચ્ચાર સાથે ભૂમિ શુધ્ધિ પૂજન કરવામાં આવ્યું ત્યારે અન્ય આચાર્ય ભગવંતો સાથે સાધ્વીજી વૃંદની પણ નીશ્રા હતી.

જેઠ સુદ ૧૧, સવંત ૨૦૦૨ એટલે કે ૭૨ વર્ષ પહેલાં ચમત્કારિક દાદા આદિનાથ અહિં ગાદીનશીન થયા. આ ચોરીવાળા દેરાસરને ૭૫ વર્ષ (પ્લેટીનમ) પૂર્ણ થવાને આરે છે, જે મહોત્સવના લાખેણા દાતા પણ આવી ગયા છે.

ભાંડુપ સંઘના અભ્યુદયની મહેક એવા આદિનાથ જિનાલયને ખસેડવાની મંજૂરી મુંબઈ મહાજને ક્યારે આપી ? તેની શી જરૂરત ?

થોડા મહિના પહેલાં અનંતસિધ્ધિના રીડેવલ્પમેન્ટ માટે થોડા શ્રેષ્ઠીવર્યો/કાર્યકરો સાથે ટ્રસ્ટીઓની એક મીટીંગ મળી હતી. તેમાં શું ગોઠવાઈ ગયું તેની જાણ નથી.

નવું જિનાયલ, તે પણ ૨૪ જિનાલય મહાજન કે શ્રી સંઘની મંજૂરી/જાણ વિના, સવારના ભૂમિ શુધ્ધિ પૂજન તે પણ બધાની જાણ વિના - આ બધું બતાડે છે કે કાંઈક રંધાઈ રહ્યુ છે, બંધારણ /જ્ઞાતિને નેવે મૂકીને કાર્ય થઈ રહ્યું છે.

હમણા ૨૫૦ જેટલા જ્ઞાતિ કુટુંબોમાંથી કેટલા જણા દર્શન-પૂજા કરવા આવે છે ? અને હવે ૨૪ જિનાલય, પછી પૂજારીને હવાલે. આ થનાર આશાતનાના સહભાગી કોણ - ?

આ જિનાલય અહિંજ રહેવા દઈએ તો રીડેવલ્પમેન્ટ શક્ય નથી - ? અનંતનાથ દાદાની જેમ, આદિનાથ દાદાને મૂળ સ્વરૂપે રહેવા દઈ સંગેમરમરનું જિનાલય શક્ય નથી ? દાદાની અમી દૃષ્ટિમાં ફેરફાર થયો તો ? કોઈ દોષ રહી ગયો હોય તો - ? આ પૂર્ણ પ્રોજેક્ટ જ્ઞાતિ સમક્ષ લઈ આવ્યા બાદ જ આગળ વધવા ટ્રસ્ટીઓને નમ્ર વિનંતી - અને સર્વે સંઘવાસીઓને જાગૃત થવા વિનંતી. - ૨૨-૧૧-૨૦૧૭

**- એક ભાંડુપવાસી**


|| ૐ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ || || ૐ શ્રી ગણેશાય નમઃ || || ૐ શ્રી આઈ માતાયે નમઃ ||

# શ્રી આઈ માતા ધરમશી પરિવાર

## ભાવિકજનો વતી : ગિરીષ પદમશી ધરમશી

**સુજ્ઞ ભાવિકજનો,** **મંગળવાર, તા. ૧૪-૧૧-૨૦૧૭**

**જય જિનેન્દ્ર ! જય માતાજી**

## શ્રી આઈ માતા ધરમશી પરિવાર, ગામ સુથરી - કચ્છ

**તેરમી સમુહ પહેડી નિમિત્તે સુથરી માતાજીના સ્થાનકે પધારવા ભાવભર્યું આમંત્રણ**

માતાજીના આદેશાનુસાર સમૂહ પહેડી તથા ગંધી બદલવાનો અને ધ્વજા ચડાવવાનો કાર્યક્રમ સુથરી માતાજીના સ્થાનકે ચૈત્ર સુદ ૧૩, ૧૪, ૧૫ ને તા. ૨૯-૩૦-૩૧ માર્ચ ૨૦૧૮ ગુરૂવારથી શનિવાર સુધી રાખેલ છે. તો આપ સૌને આ પ્રસંગે સુથરી સ્થાનકે પધારવા ભાવભર્યું આમંત્રણ.

આપના પરિવારની નિયાણી બહેનોને સપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ. મહોત્સવ દરમ્યાન કાળા કપડા પહેરશો નહિં. આપના સાથ સહકારની અપેક્ષા.

**લિ. ભાવિકજનો વતી ભોઈમાં કાશ્મીરાબેન ગિરીષ ધરમશીના જય માતાજી**

**વધુ વિગત કે જાણકારી માટે સંપર્ક નંબર**

| કાશ્મીરાબેન ધરમશી | ગીરીષ ધરમશી | ભારતીબેન ધરમશી |
|---|---|---|
| 098673 08250 | 098921 98250 | 088790 18123 |

# શ્રી ક.દ.ઓ. જૈન સાંયેરા મહાજન ટ્રસ્ટ

ટ્રસ્ટ નોંધણી નં. : એ-૪૩૩-કચ્છ

સાંયેરા-કચ્છ

## બેલેન્સ સીટ તા.: ૩૧-૦૩-૨૦૧૭

| ફંડ અને જવાબદારીઓ | રકમ | રકમ | મિલકત અને લહેણું | રકમ | રકમ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | | | સ્થાવર મિલકત | | |
| મહાજન ટ્રસ્ટ ફંડ | ૨૫૯૨૮૩-૯૪ | | બંગલો | ૨૨૭૫૦-૦૦ | |
| દેરાસરજી ટ્રસ્ટ ફંડ | ૨૫૬૩૮૨૨-૧૪ | | આયંબિલ વાડી | ૧૬૬૯-૦૦ | |
| ચાંદીના દાગીના ફંડ | ૭૫૦૦૦-૦૦ | | ભોજનાલય-અતિથિગૃહ મકાન | ૬૪૨૮૪૪૭-૦૦ | |
| ભોજનાલય-અતિથિગૃહ | | | દેરાસરજી ચોક | ૫૧૭-૦૦ | |
| બાંધકામ ફંડ | ૮૭૩૭૬૩૮-૦૦ | ૧૧૬૩૫૭૪૪-૦૮ | ઓભાયા રામદે મકાન | ૮૯૬-૦૦ | |
| | | | જેઠા લખમશી મકાન ૨/૧૬૩ | ૪૫૦-૦૦ | |
| કાયમી અંકિત ફંડો | | | જયશ્રી મહારાજ મકાન ૨/૧૨૪ | ૪૫૦-૦૦ | |
| કાયમી અખંડ દિપક ફંડ | ૫૨૨૦૪-૦૦ | | ધનજી કેશવજી મકાન ૨/૧૦૫ | ૪૫૦-૦૦ | |
| કાયમી મોટી પુજા ફંડ | ૮૯૭૯૮-૩૯ | | ચાંપુબાઈ મુસરાઈ મકાન ૨/૨૦૦ | ૪૫૦-૦૦ | ૬૪૫૬૦૭૯-૦૦ |
| કાયમી આંગી ફંડ | ૪૬૮૫૨-૬૭ | | | | |
| કાયમી સ્નાત્ર પુજા ફંડ | ૨૭૫૧૦-૩૪ | | ફર્નીચર અને ડેડ-સ્ટોક | | |
| કાયમી જીવદયા ફંડ | ૨૨૨૪૫-૦૦ | | ફર્નીચર અને ફિક્ષ્ચર | ૨૩૨૧૫-૦૦ | |
| કાયમી મહા અભિષેક ફંડ | ૨૫૦૦૦-૦૦ | | મહાજન વાસણ | ૩૭૮૩૪-૦૦ | |
| કાયમી જીવદયા-ઘાસચારા ફંડ | ૭૦૬૧૧-૫૦ | | સીસી ટીવી કેમેરા | ૧૬૨૮૮૦-૦૦ | |
| કાયમી ભોજનાલય મિતિ ફંડ | ૨૮૯૩૬૫-૦૦ | | ભોજનાલય અતિથિગૃહ ડેડ-સ્ટોક | ૧૨૦૦૬૩૨-૦૦ | |
| કાયમી ભોજનાલય ફોટો યોજના ફંડ | ૨૧૫૧૨૨૫-૦૦ | | દેરાસરજી ડેડ-સ્ટોક | ૩૮૧૧૯-૦૦ | |
| કાયમી ભોજનાલય નિભાવ ફંડ | ૧૦૦૦૫૪૪-૦૦ | | મહાજન ડેડ-સ્ટોક | ૫૩૫૭૩-૦૦ | |
| કાયમી સાધારણ ફંડ | ૧૮૧૯૭૭૧-૦૦ | | ઈલેક્ટ્રીક ફીટીંગ | ૭૮૫૩-૦૦ | |
| કાયમી સર્વ સાધારણ ફંડ | ૩૬૭૬૧૮-૦૦ | ૫૯૬૨૭૪૪-૯૦ | ભોજનાલય-અતિથિગૃહ ફર્નીચર | ૩૪૩૮૨૯-૦૦ | ૧૮૬૭૯૩૫-૦૦ |
| | | | | | |
| | | | દર-દાગીના | | |
| ચાલુ અંકિત ખાતાઓ | | | મહાજન સોનાના દાગીના | ૨૪૯૩૦૦-૦૦ | |
| જ્ઞાન ખાતું | ૬૬૩૩૭૯-૮૬ | | દેરાસરજી દાગીના | ૨૩૩૪૯૯૫-૦૦ | ૨૫૮૪૨૯૫-૦૦ |
| વંદામણી ખાતું | ૧૮૭૬૬-૨૩ | | | | |
| જીર્ણોદ્ધાર ખાતું | (૧૨૬૯૮૪-૦૦) | | રોકાણ | | |
| જીવદયા ખાતું. | ૧૬૫૬૦૧-૦૦ | | એચડીએફસી-મુંબઈ એફડીઆર | | ૧૩૨૫૦૦૦૦-૦૦ |
| ભોજનાલય ખાતું | (૧૯૮૮૭૧-૩૦) | | | | |
| સર્વ સાધારણ ખાતું | ૯૮૫૯૯-૦૦ | ૬૨૦૪૯૦-૭૯ | PGVCL ડીપોઝીટ | | ૫૩૨૫૦-૦૦ |
| | | | | | |
| દેરાસરજી ખાતું | | | ટીડીએસ | | |
| ગઈ સાલની બાકી | ૨૩૩૭૯૮૩-૯૧ | | વર્ષ : ૨૦૧૬-૨૦૧૭ | | ૧૧૨૭૦૦-૦૦ |
| ચાલુ વર્ષનો વધારો | ૭૬૯૦૫-૫૦ | ૨૪૧૪૮૮૯-૪૧ | | | |
| | | | કોન્ટ્રાક્ટર એડવાન્સ | | |
| સાધારણ ખાતું | | | ધીરજ પી. રામાણી | | ૫૯૭૦૦૦-૦૦ |
| ગઈ સાલની બાકી | ૨૬૪૮૨૭૫-૫૨ | | સ્ટાફ એડવાન્સ | | |
| ચાલુ વર્ષનો વધારો | ૪૭૩૧૫૦-૦૦ | ૩૧૨૧૪૨૫-૫૨ | ગંગાબાઈ | | ૨૦૦૦-૦૦ |
| | | | | | |
| મહાજન ખાતું | | | રોકડ તથા બેંક બેલેન્સ | | |
| ગઈ સાલની બાકી | ૧૯૭૩૪૯૪-૪૮ | | દેના બેંક-કોઠારા બચત ખાતા | | |
| ચાલુ વર્ષનો વધારો | ૧૦૪૦૯૮-૪૪ | ૨૦૭૭૫૯૨-૯૨ | નં. : ૦૩૨૬૧૦૦૦૧૮૭૫ | ૨૪૪૨૭૭-૫૦ | |
| | | | દેના બેંક-મુંબઈ બચત ખાતા | | |
| | | | નં : ૦૦૨૩૧૦૦૦૧૭૧૩ | ૬૩૫૩૦૩-૧૨ | |
| | | | રોકડ પુરાંત | ૩૦૦૪૮-૦૦ | ૯૦૯૬૨૮-૬૨ |
| કુલ | | ૨૫૮૩૨૮૮૭-૬૨ | કુલ્લ | | ૨૫૮૩૨૮૮૭-૬૨ |

ટ્રસ્ટી :

ટ્રસ્ટી

શ્રી કદઓ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ

સાંયરા - કચ્છ.

તારીખ: 21 SEP 2017

તપાસ્યું અને બરાબર માલુમ પડ્યું

વતી ખીમજી કુંવરજી ની કંપની (ગાંધીધામ)

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ


ફર્મ રજીસ્ટ્રેશન નં : ૧૦૫૧૪૭ ડબલ્યુ

પદમશી એલ. શાહ

ભાગીદાર

સભ્યપદ નં : ૫૧૩૬

## રંગ છે રાયચંદ શેઠને, તેમના સાવજ સુપુત્રો ને




ભાંડુપના આદેશ્વરજી દાદા દરબારે ચાતુર્માસમાં સાધ્વીશ્રી કૈવલ્યશ્રીયાશ્રીજી મ.સા.એ સાડા સાઠ મહિનામાં ફક્ત ૪૦ પારણે ૧૦૬ ઉપવાસનું ''અતી કઠીન એવું'' મહાભદ્ર તપ પુરૂ કર્યું અચલગચ્છના ૨૦૦ વરસના ઈતિહાસમાં સંભવત આ પ્રથમ ઘટના શ્રમણોમાં પ્રથમ હતી. આવા વિશિષ્ટ તપના પારણા કરાવવાનો અલભ્ય લાભ જો પાંચે આંગળીએ પ્રભુ પૂજ્યા હોય તો જ મળે!! મહાજનશ્રી, અનંતનાથ ટ્રસ્ટ સાથે ભાંડુપ સંઘે ઉછળતા ઉભરતા ભાવે આ પ્રસંગ સ્વીકારી આ તપનો ત્યાન્હિકા મહોત્સવ સ્મૃતિની છીપમાં સંઘરી શકાય તેવો ઉજવવો એવો દઢ નિર્ણય કર્યો. સાત લાખનો ખરચ, શું કરવું ? સંઘને આદીશ્વર દાદા ઉપર અટલ શ્રધ્ધા અડીખમ. કર્યુ, કરાવ્યું અને અનુમોદયું નાઉત્કૃષ્ટ ભાવે શ્રી કુમાર ભાબુભાઈ દંડે જ્ઞાતિના ઉદારદિલ સખાવતી શ્રુશ્રાવક સુથરીના શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારના પુણ્યશાળી શ્રી હેમાંગભાઈને ઉપરોક્ત બીનાથી વાકેફ કરી લાભાલાભની વાત કરી. સહજમાં સમજી હેમાંગભાઈએ વધુ ચર્ચા કર્યા વગર તક ને તકદીર સમજી સલુણાં શ્રાવક ધર્મને સાર્થક કરવા મહાભદ્ર તપ પારણાના કોરા ચેક પર સહી કરી. અંતર તિજોરી ખુલ્લી કરી દીધી.

આ ઘટનાને કયા વાક્યે અલંકૃત કરું ? ક્યા વાક્યે વિભુષિત કરું ? આવી વિરલ ઉદારતાએ ત્રણ ત્રણ આ.ભ. ના પદાર્પણથી દાદા દરબાર સિધ્ધાચલ થયું. આંગણા નો ઉજાશ ઝળાંહળાં થયો ! ત્રણેક દિવસ પ્રભુ ભક્તિ, ગુરૂ ભક્તિ અને સ્વામિ ભક્તિએ તરબતર રહ્યા. સ્વર્ગના સ્વરોની સ્થાપના થઈ. પારણાએ ૫૦ થી વધુ સંઘોના ૧૫૦૦ જણની પાદરજ પડી ! કેશર અભિષેકે ભવ ભ્રમણાં ટળી ! શ્રમણ શ્રમણીઓ અને શ્રાવકો તપના અલંકારે ઓપી રહ્યા ! પારણાનો પ્રસંગ પ્રાણવાન રહ્યો. ઉલ્લાસમાં ઉર્મીશીલ વધારો થયો.

જન મેદની ભાવ સંગીતની ભરતીમાં ડૂબી ! યુવાવર્ગ રાસગરબે પસીને રેબજેબ થયો. તપ સા. શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.નો ને તડાકો શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારનો જો ત-ત- તાળીયું ત, પાંજી વેં ન ? આ ધાર્મિકતાએ ઝૂકી તો જવાય ને ?

**– લહેરચંદ વેલજી મૈશેરી,** ભાંડુપ

---

## શ્રી ક.દ.ઓ. જૈન જસાપર મહાજન

**શ્રી ક.દ.ઓ. જૈન જસાપર મહાજનની A.G.M.ની મીટીંગ તા. ૧૭-૧૨-૨૦૧૭ના ૩.૩૦ થી ૬.૦૦ વાગ્યે રાખેલ છે. ગામવાસીઓએ પધારવા વિનંતી :**

૧) ગતવર્ષની મીનીટ્સને બહાલી
૨) વાર્ષિક અહેવાલ ૨૦૧૬ થી ૨૦૧૭
૩) કારોબારી સમિતિની નિમણુંક
૪) સ્થાનિકે દેરાસરના રિપેરીંગ માટે આપેલ કોટેશનની ચર્ચા વિચારણા
૫) પ્રમુખશ્રી ની મંજુરીથી રજુઆત

**સ્થળ : દેવપૂંજ હૉલ,** વાલજી લધા ક્રોસ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

**સંપર્ક**

**ગૌતમભાઈ - 09869121666**
**સોમચંદ મોતા - 09820821908**

લી. **શ્રી ક.દ.ઓ. જૈન જસાપર મહાજન વતી ટ્રસ્ટી ગણના જય જિનેન્દ્ર**

---

ા શ્રી મહાવીરાય નમ:ા ા શ્રી સુવિધીનાથાય નમ:ા ા શ્રી આદીનાથાય નમ:ા

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન

(રજીસ્ટ્રેશન નંબર **A 1106** (કચ્છ) તા. ૨૮-૯-૬૬)
**હેડ ઓફીસ :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, તા. અબડાસા, (કચ્છ)-૩૭૦૬૪૦.
**ફોન : (૦૨૮૩૧) ૨૮૭૨૨૪**

**વાર્ષિક સામાન્ય સભા**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન સભ્યો જોગ,**

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રીની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૧૬-૧૨-૨૦૧૭, બપોરના ૪.૦૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, વાલજી લધા રોડ, મુલુન્ડ (વે.), મુંબઇ-૮૦. ખાતે રાખવામાં આવેલ છે.

૧) ગત મિનિટસનું વાંચન અને બહાલી.
૨) મહાજનના વર્ષ ૨૦૧૬-૨૦૧૭ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને મંજુરી.
૩) શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ ટ્રસ્ટના વર્ષ ૨૦૧૬-૨૦૧૭ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને મંજુરી.
૪) મહાજનના વર્ષ ૨૦૧૭-૨૦૧૮ના ઓડીટર નિમણુક બાબત
૫) આ વર્ષમાં થયેલ કામકાજ બાબત ચર્ચા - વિચારણા.
૬) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય વિષયોપર ચર્ચા - વિચારણા.

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન વતી**
પ્રમુખશ્રી : **કાંતિલાલ કરમશી વિકમશી**
લી. માનદમંત્રીઓ : **જયંતીલાલ દેવશી મૈશેરી - ચાંપસી ડુંગરશી હેફા**

**નોંધ :** કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ તેજ સ્થળે મળશે. તેમાં કોરમની જરૂરત રહેશે નહીં.

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

shantijin
પ્રસન્નતા...સર્વદા

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ

## સમસ્ત જૈન સમાજના - સમુહ લગ્નોત્સવ ૨૦૧૭

**શુભ દિન : સંવત ૨૦૭૪, માગશર વદ ૭/૮ શનિવાર/રવિવાર તા. ૯-૧૨-૨૦૧૭ અને તા. ૧૦-૧૨-૨૦૧૭**

### મુખ્ય દાતાશ્રીઓ

**માતુશ્રી કસ્તુરીબેન મુરજી કલ્યાણજી દંડ પરિવાર**
**(ભુમિરાજ ગ્રુપ) - લાખણીયા-નવી મુંબઈ**

**સંઘમાતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા પરિવાર**
**(કલપતરૂ રોડલાઈન્સ)-વારાપધ્ધર-વાપી**

### સહયોગી દાતાશ્રીઓ

**માતુશ્રી મણીબાઈ ખેતશી લધાભાઈ મોમાયા પરિવાર - સાંયરા- નવીમુંબઈ**

**એક સદ્ગૃહસ્થ પરિવાર મુંબઈ**

**શ્રી રમણીકલાલ પ્રતાપચંદ સિસોદીયા પરિવાર (અલ્પા, રાજસ્થાન - પૂના)**

**સ પ્રે મ નિ મં ત્ર ણ**

### કન્યાદાનના મુખ્ય દાતાશ્રીઓ

શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી, હ. શેઠ શ્રી હંસ બી. ખીમજી-તેરા માટુંગા
માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર,
હ. પ્રિયાંશી, દેવાંશી, પ્રિસા જયેશ લોડાયા - સાંધવ
માતુશ્રી લક્ષ્મીબેન જયંતિલાલ હંસરાજ ખોના પરિવાર-મોટી ખાવડી
માતુશ્રી કુંવરબાઈ ભવાનજી સોની, હ. જયંત સોની-જોય ગ્રુપ(સુથરી-જુહુ)
સંઘવી શ્રી હીરજી મોરારજી બોરીયા - પ્રતાપર

### કન્યાદાનના સહયોગી દાતાશ્રીઓ

માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ (મોમાયા) - સાંયરા (મુલુંડ)
સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર - કોઠારા (એક્ઝિમ ગ્રુપ - મુલુંડ)
માતુશ્રી મુરબાઈ રાયચંદ જેઠાભાઈ લોડાયા - કોઠારા (લોંજીવીંગ્સ - મુલુંડ)
માતુશ્રી હેમલતાબેન નલીનકાંત પદમશી પીર - સુથરી (મુલુંડ)
માતુશ્રી કાંતાબાઈ જીવરાજ નેણશી મોતા - વારાપધ્ધર - ઈંદોર
મે. એક્ઝિમ ટ્રાન્સટ્રેડ (ઈંડિયા) પ્રા. લી. - કોઠારા, મુલુંડ
મે. સુવર્ણપ્લાઝા - મુલુંડ, મુંબઈ

### કન્યાદાનના આધારસ્તંભ દાતાશ્રીઓ

અ. સૌ. દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા પરિવાર - સાંધવ - ઘાટકોપર
શ્રી શૈલેષ સુધાકર યાજ્ઞિક-વાશી, નવીમુંબઈ
શ્રી કપોળ સેનેટોરીયમ ટ્રસ્ટ-લોનાવાલા
માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા-નલીયા, મુલુંડ
માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી-સાંધાણ, બારસી
શ્રીમતી ભારતી પારસ પદમશી મૈશેરી-રાપર, ઘાટકોપર
માતુશ્રી જયાબાઈ ચત્રભોજ દંડ-મંજલ, ભાંડુપ

માતુશ્રી કંચનબેન (દિપાલીબેન) ગુલાબચંદ નાગડા - રંગપુર - મુલુંડ
શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા પરિવાર-બાંઢીયા, અમદાવાદ
શ્રી ઠાકરશી લાલજી પટેલ-સાંધવ, મુલુંડ
શ્રી હંસરાજ વીરજી વિકમશી-વારાપધ્ધર, ડોંબીવલી
માતુશ્રી હંસાબેન હીરાચંદ અરજણ પટેલ-બાંઢીયા, નવીમુંબઈ
અ.સૌ. વિજ્યાબેન કુંવરજી લોડાયા-રાપર, ભાંડુપ
શ્રી મુલજી નરશી લધાભાઈ પોલડીયા-સીનીયર ગ્રુપ-બાયઠ, વડાલા

માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજી લોડાયા (માંॐ પરિવાર) આરીખાણા - મુલુંડ
શ્રી જગદીશ કાનજી ધરમશી - તેરા (ડી.એમ. ડાયમંડ - ઘાટકોપર)
માતુશ્રી મીઠીબાઈ રાયમલ મોમાયા-સુથરી, મુલુંડ
માતુશ્રી ગુણવંતીબેન ખીમજી મૈશેરી-નાની સિંધોડી, રાયપુર
માતુશ્રી પુષ્પાબેન પદમશી સાયલા-તેરા, મુલુંડ
અ.સૌ.અરૂણાબેન નવીનચંદ્ર ભવાનજી મૈશેરી-ગોધરા, રાજકોટ
એક સદ્ગૃહસ્થ-મુંબઈ

### અતિથી વિશેષ

શ્રી તરૂણ રતનશી લોડાયા - સાંયરા- સમાજશ્રેષ્ઠીવર્ય
શ્રી કલ્પેશ માણેકજી મોતા - રાપરગઢવારી
(પ્રમુખશ્રી - શ્રી ક.દ.ઓ. જૈન મહાજન - મુંબઈ)
શ્રી ભુપેન્દ્ર મુરજી દંડ - લાખણીયા ભૂમિરાજ ગ્રુપ - મુખ્ય દાતાશ્રી
શ્રી ધીરેન ચંદ્રકાન્ત લોડાયા - વારાપધ્ધર - કલ્પતરૂ - મુખ્ય દાતાશ્રી
શ્રી ઉત્તમ ખેતશી મોમાયા સાયરા - સહયોગી દાતાશ્રી

શ્રી નરેન્દ્ર રમણીકલાલ સીસોદીયા - પૂના - સહયોગી દાતાશ્રી
શ્રી મહેન્દ્ર રતનશી સંગોઈ - ટોડા - (અહિંસાધામ - રામદેવ ગ્રુપ)
શ્રી મનોજ રમણલાલ શાહ - ગુંદાલા - (ટીપટોપ - થાણા)
શ્રી જયંત ભવાનજી સોની - સુથરી (જોય ગ્રુપ - શ્રી અનંતનાથ ટ્રસ્ટ-ટ્રસ્ટીશ્રી)
સંઘવી શ્રી હીરજી મોરારજી બોરીચા - (પ્રમુખશ્રી તપગચ્છ જૈન સંઘ - સાંતાક્રુઝ)
શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા - મોટી ખાવડી ( ટ્રસ્ટીશ્રી કન્યા છાત્રાલય - જામનગર )

સ્નેહી સ્વજન શ્રી........ પરમાત્માની કૃપાએ, વડિલોના અનુગ્રહે, અને જ્ઞાતિજનોની ઉદારતાએ પ્રિત પિયુને પાનેતરના ત્રિવેણી સંગમનો પ્રયાગ રચાયો છે. ૨૨-૨૨ આત્માઓ સંસારની વેદિકા પર ઐક્યતાના અનાહત નાદ ગજવશે. અબીલ-ગુલાની ગુલછડી ઉડશે... સાજન-માનજ માંડવે ભેગા થશે. ત્યારે સમગ્ર જ્ઞાતિજનો, મહાનુભવો શુભ આશિષ આપી મંગલ પ્રસંગના સાક્ષી બનશે.

યુગલોના મંગલ પરિણયના પુનિત પ્રસંગે પ્રસ્થાન કરવાની શુભ ઘડી એટલે જૈન સમાજમાં ભ્યાતિભવ્ય સમૂહ લગ્નોત્સવે આપની ઓજસભરી ઉપસ્થિતિ ઉત્સવને મહોત્સવ બનાવશે. આ આનંદમય પ્રસંગે ઉપસ્થિત રહીને નવદંપતિઓને સુખી નવજીવનની શરૂઆત માટે આશીર્વાદ અને શુભેચ્છાોથી વધાવશો તેવી વાત્સલ્યસભર વિનંતી !


**પરિણયનું પ્રાંગણ :**
**શ્રી અરનાથધામ જૈન તીર્થ**
**ટોડા-પ્રાગપર નેશનલ હાઈવે નં.૮, તા. મુન્દ્રા-કચ્છ, પીન-૩૭૦૪૧૫**

**લિ. અધ્યક્ષ : જયેશ જૈન**
**ઉપાધ્યક્ષ : ગોવિંદજી પટેલ, પ્રવીણ લોડાયા**
**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ**

201, Marathon Maxima, L.B.S. Marg, Mulund (W), Mumbai - 400080 Tel. : 91-22-66 800 800, Email : info@shantijin.org

## ધર્મસંદેશ - ૧૧૧

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨




### આડી ચાવીઓ -

૧) ક્યા તિર્થંકર ચક્રવતી પણ હતા (૪)
૪) ૧૦૮ પ્રાર્શ્વનાથ મા નાં એક (૨)
૬) આવતી ચોવીસીના પ્રથમ તિર્થંકર (૪)
૧૦) સાધુ સાધ્વીઓ નું એક સ્થળેથી બીજા સ્થળે જવું (૩)
૧૨) નિર્મળ બ્રમ્હચર્ય માટે આ પ્રભુ પ્રખ્યાત (૪)
૧૫) તીર્થ વંદના સૂત્ર (૫)
૧૭) પાલીતાણામાં આવેલ આ આકારનું જિનાલય (૨)
૧૮) પદ્મપ્રભુના યક્ષ (૩)
૨૧) અહીં સંભવનાથનું રથનું દેરાસર છે (૨)
૨૨) જૂનાગઢ પાસે આવેલ એક તીર્થ (૩)
૨૩) ધર્મનાથ નું લાંછન (૨)
૨૪) સુવિધિનાથના યક્ષિણિ (૩)
૨૬) પાર્શ્વ પદ્માવતી નું — (૩)
૨૭) શત્રુંજય ઉપર પ્રથમ પોળનું નામ (૪)
૨૮) ૧૨ માં તિર્થંકરના પિતા (૪)
૩૦) ધણીવાર અમુકતિથિનો — હોય છે (૨)
૩૧) બ્રામ્હણવાડાની પંચતિથિનું મહાવિર સ્વામી નું જિનાલય (૨)
૩૨) — પાલક સંઘ (૨)

### ઊભી ચાવીઓ -

૧) મલ્લીનાથનું લાંછન (૨)
૨) નથડી એ દેવીઓના — નું અલંકાર છે (૨)
૩) — પ્રભુના પિતાનું નામ શ્રીધર હતું (૨)
૫) દશ ભવ ક્યા તિર્થંકરના હતા (૪)
૬) ચંદ્રાનન સ્વામીના માતાનું નામ (૪)
૭) માનતુંગ સ્વામીએ રચેલ સૂત્ર (૪)
૮) આ તીર્થ માં સાસુવહુનો દેરા આવેલ છે (૨)
૯) એક ગતિ (૩)
૧૧) ઉજ્જૈન પાસે આવેલ અલૌકિક પાર્શ્વનાથનું તીર્થ (૫)
૧૩) પ્રભુ (૨)
૧૪) ભગવાનની પ્રતિષ્ઠા અવસરે — ના થાપા કરાય (૨)
૧૬) ધર્મ કરતાં મોક્ષનું — રખાય (૨)
૧૯) રાજસ્થાનમાં આવેલ નવલખા પાર્શ્વનાથનું એક તીર્થ (૨)
૨૦) શત્રુંજયનું એક નામ (૬)
૨૨) ગમે તે સ્વરૂપે, ગમે ત્યાં બીરાજો, પ્રભુ મારા — (૩)
૨૫) એક કર્મ (૨)
૨૬) એક માનવાચક શબ્દ (૨)
૨૭) શત્રુંજય ઉપર આવેલ પવિત્ર વૃક્ષ (૩)
૨૮) ૧૦૮ માં ના એક પાર્શ્વનાથ (૨)
૨૯) પંચકલ્યાણક — ભણાવવામાં આવે (૨)

(ઉકેલ અન્યત્ર)

## બેંક ઓફ ઈન્ડીયા અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાની સ્થાપનામાં જ્ઞાતિ શ્રેષ્ઠીઓનું યોગદાન



પરેલ (મુંબઈ)થી શ્રી હંસકુમાર હીરાચંદ હીરજી ખેતસી દૌલતે વીકીપેડીયા અને ગુગલમાં સર્ચ કરીને તેમાં અપાયેલ સંબંધિત માહિતીઓના અંશો પ્રકાશ સમીક્ષાને મોકલ્યા છે જેમાં શેઠશ્રી ખેતસી ખીંયસી પણ બેંક ઓફ ઈન્ડીયાની ૧૧૧ વર્ષ પહેલાં ૧૯૦૬માં સ્થાપના થઈ ત્યારના પ્રથમ બોર્ડ ઓફ ડાયરેક્ટરમાં સર કાવસજી જહાંગીર, રતનજી દાદાભાઈ ટાટા અને અન્ય અંગ્રેજ મહાનુભાવો સાથે બોર્ડમાં હતા તેમજ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાની સ્થાપના ૧૦૬ વર્ષ પહેલાં (ડિસેમ્બર ૧૯૧૧) થઈ ત્યારે શરૂઆતના નાણાકીય બળ (Finance) શેઠ કલ્યાણજી વર્ધમાન જેતશી દ્વારા અપાયું હતું તેનાં ઉલ્લેખ કરાયા છે.

### ક્ષતિસુધાર

ગતાંક (૪૭)માં ૧૫૩ વર્ષ પહેલાં આપણા માનવત જ્ઞાતિજન શેઠશ્રી વેલજી માલુને 'બોમ્બે ગેઝેટ'માં શ્રધ્ધાંજલિ અપાયેલ તે વિષે પ્રગટ થયેલ લેખ અને નોંધ (અંગ્રેજી)માં તે શ્રધ્ધાંજલિ 'બ્રિટીશ રાજ્ય' તરફથી અપાયેલ તેમ જણાવાયું છે તે હકીકત દોષ છે. 'બોમ્બે ગેઝેટ' એક વર્તમાન પત્ર હતું, નહિં કે બ્રિટીશ સરકારનું અધિકૃત રાજપત્ર. એટલે ઉક્ત શ્રધ્ધાંજલિ તે વખતના એક પ્રતિષ્ઠિત વર્તમાનપત્રે આપેલ. વર્તમાન પત્રના નામમાં 'ગેઝેટ' શબ્દ હોવાથી ગેરસમજણ થયેલ.

## શ્રી મહાવીર એમ્બ્રોઈડરી

માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

- સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
- રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
- ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
- એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર

**સોમવાર બંધ**

**સ્પેશિયાલીસ્ટ : લગ્ન, દાંડીયારાસ તેમજ વિવિધ પ્રોગ્રામો**

## લંગા જુસબ હજુરીયા



ગામ - તેરાવાલા



**ઢોલ, શરણાઈ વાદક**

રૂમ નં.૪૪, યાઝ મંજીલ, કિશન નગર નં.૧, મુલુંડ ચેકનાકા, થાણા-૪૦૦૬૦૪.
ફોન : 25831862 મો.: 9820955162 / 9833354219

**શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્ષ - કાંજુરમાર્ગ (પૂર્વ)**

## 2 BHK

**બે માસ્ટર બેડરૂમ હોલ, કીચન વેચવાનુ છે.**
**મો.: 9833570563**


## શ્રી બાયઠવાસીઓ જોગ

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ**
**તથા શ્રી ક.વી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ**

ઉપરોક્ત બંને સંસ્થાઓના ઉપક્રમે રવિવાર તા. ૧૭-૧૨-૨૦૧૭ના સાંજના ૫ થી ૯ કલાકે આપણા ગામનું સ્નેહમિલન યોજવામાં આવેલ છે.

સ્નેહમિલનમાં આપણા ગામના શ્રી મહાવીર સ્વામી જિનાલયની સડસઠમી (૬૭) વર્ષગાંઠ નીમીત્તે તા. ૨૫-૧-૨૦૧૮ તથા તા. ૨૬-૧-૨૦૧૮ના બે દિવસીય ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. ધ્વજા મહોત્સવ નીમીત્તે ચડાવાઓની ઉછામણી બોલાવવામાં આવશે.

આપ સૌ બાયઠવાસી જૈનો તથા આપણી નિયાણી બહેનોને સહકુટુંબ પધારવાનું ભાવભર્યું આમંત્રણ આપતાં અત્યંત હર્ષ અનુભવીએ છીએ. તો આપ સૌને સમયસર પધારવા નમ્ર વિનંતી.

**સ્થળ :** આઈરીસ હૉલ (નીવ કેટરર્સ), જ્ઞાનસરિતા સ્કુલની બાજુમાં, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

**લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન વતી**
**પ્રમુખશ્રી ઠાકરશી મેઘજી ગોસર**
**શ્રી ક.વી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન વતી**
**પ્રમુખશ્રી જીતેન્દ્ર ટોકરશી છેડાના જય જિનેન્દ્ર**

## શ્રી આણંદ પરિવાર તરફથી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી

*ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિ,*
*અગણીત છે ઊપકાર એમના, એહ કદિ વિસરશો નહિં.*

**૩૦ મી પુણ્યતિથી**



**પિતાશ્રી શામજી કેશવજી દંડ**
**દેહવિલય તા.૧૩-૧૨-૧૯૮૭**

**(તેરા કચ્છ)**

**૧૦ મી પુણ્યતિથી**



**માતુશ્રી વિજ્યાબેન શામજી દંડ**
**દેહવિલય તા.૦૩-૧૨-૨૦૦૭**

જેમ ચંદન જાતે ઘસાઈને અન્યને સુગંધ બક્ષે તેમ આપ બાળપણથી અંત સુધી તનતોડ મહેનત કરી અમોને સુખનો સાગર સોંપતા ગયા. આપનો નિઃસ્વાર્થ સ્વભાવ, નીડરતા, પ્રમાણિકતા અને વ્યવહારિક કોઠાસુઝનો વારસો અમારા માટે હંમેશાં માર્ગદર્શક બની રહેશે. આપના અધુરા સ્વપ્નોને પૂર્ણ કરવા ઈશ્વર અમને શક્તિ આપે અને આપના પવિત્ર આત્માને શાશ્વત શાંતિ બક્ષે એવી પ્રાર્થના..

~ શ્રધ્ધાંજલિ સુમન ~

**સમસ્ત આણંદ પરિવાર**

**નરેન્દ્ર, ચિમન, હરીશ, હિરેન, મધુકાંત તથા મણીબેન અને પુત્રવધુઓ-બાળકો તેમજ સમસ્ત પરિવાર**

## યે ખેલ અભી હૈ જારી, બિછડે સભી બારી બારી

જિંદગી શું છે ? આખી જિંદગી વીતાવ્યા પછી પણ તેનો જવાબ મળતો નથી. આપે ત્યારે ફૂલોની વર્ષા કરે ને ન આપે ત્યારે કાંટા પણ ન આપે તેનું નામ જિંદગી અને આ બન્નેને ઝીલી અને જીરવી જાણે તે માનવી. રમત જીવલેણે પણ છે, મજાની પણ છે. ગુરૂ દત્તની ફિલ્મ 'કાગઝ કે ફૂલ'ની નિયતિ પણ કંઈક આવી જ હતી. ૧૯૫૯માં બનેલી આ મહત્વાકાંક્ષી ફિલ્મના નિર્માતા-નિર્દેશક અને મુખ્ય અભિનેતા ગુરૂ દત્ત હતા. રિલીઝ થઈ ત્યારે ફિલ્મ સદંતર નિષ્ફળ ગઈ, પણ ૧૯૮૦ પછી પ્રશિષ્ટ ક્લાફિલ્મ તરીકે તેનું નામ હિન્દી ફિલ્મોના ઈતિહાસમાં આદરપૂર્વક લેવાતું થયું. આજે વિશ્વની 'ગ્રેટેસ્ટ ફિલ્મ ઑફ ઑલ ટાઈમ'ની સૂચિમાં તેનું નામ છે.

ફિલ્મની વાર્તા ફ્લેશબૅકમાં દર્શાવાઈ છે. સુરેશ સિંહા (ગુરૂદત્ત) પ્રખ્યાત ફિલ્મ નિર્દેશક છે. બીના (વીણા) સાથેનું તેમનું લગ્નજીવન ભંગાણને આરે આવી ગયેલું છે, કારણકે બીનાનો શ્રીમંત પરિવાર ફિલ્મનિર્માણને હલકું કામ ગણે છે. પુત્રી પમ્મી (નાઝ) બોર્ડિંગ સ્કૂલમાં મોકલી દેવાય છે. એને તેને પણ પિતાને મળવા દેવાતી નથી.

એલલવાયું જીવન વિતાવી રહેલા સુરેશ સિંહા એક વરસાદી રાત્રે એક યુવતી (શાંતિ)ને પોતાનો રેઈનકોટ આપે છે. બીજે દિવસે તે કોટ પાછો આપવા ફિલ્મ સ્ટુડિયોમાં આવે છે અને અચાનક કેમેરાની ફ્લેશ લાઈટમાં આવી જાય છે ત્યારે સિંહાને સમજાય છે કે આ યુવતીમાં સ્ટાર એલિમેન્ટ છે. જોતજોતામાં શાંતિ સફળ અભિનેત્રી બની જાય છે અને સિંહાના પ્રેમમાં પણ પડે છે. બન્નેના સંબંધો ચર્ચાવા લાગે છે. સિંહાની પુત્રી પમ્મી શાંતિને તેના પિતાના જીવનમાંથી ચાલ્યા જવાનું કહે છે. શાંતિ ફિલ્મો છોડી નાના ગામમાં શિક્ષિકા બની જાય છે. જીવનમાં ફરી એકલો થઈ ગયેલો સિંહા ખૂબ શરાબ પીવા માંડે છે. શાંતિને સ્ટુડિયો સાથે કરેલો કરાર પૂરો કરવા પાછું ફરવું પડે છે. તે સિંહાને દિગ્દર્શક તરીકે લેવાનો આગ્રહ રાખે છે., પણ સિંહા બધું છોડી બહુ દુર ચાલ્યો ગયો છે. છેલા દશ્યોમાં વૃદ્ધ, પરાજિત સિંહા પોતાના ખાલી સ્ટુડિઓમાં દિગ્દર્શકની ખુરશી પર બેસી ભવ્ય ભૂતકાળની સ્મૃતિમાં ખોવાયેલો, ઘાયલ અને એકલો જિંદગીના ક્રૂર સત્યને અનુભવે છે. 'અરે, દેખી જમાને કી યારી બિછડે સભી બારી બારી.'

અરે દેખી જમાને કી યારી  
બિછડે સભા બારી બારી  
ક્યા લે કે મિલેં અબ દુનિયા સે  
આંસુ કે સિવા કુછ પાસ નહીં  
યા ફૂલ હી ફૂલ થે દામન મેં  
યા કાંટો કી ભી આસ નહીં  
મતલબ કી દુનિયા હૈ સારી  
બિછડે સભી બારી બારી  
વક્ત હૈ મહેરબાં આરઝુ હૈ જવાં  
ફિક્ર કલ કી કરે ઈતની ફૂરસત કહાં  
દૌર યે ચલતા રહે રંગ ઉછલતા રહે  
રૂપ મચલતા રહે જામ બદલતા રહે  
રાત ભર મહેમાં હૈ બહારે યહાં  
રાત ગર ઢલ ગઇ ફિર યે ખુશિયાં કહાં  
પલ ભર કી ખુશિયાં હૈ સારી  
બિછડે સભી બારી બારી  
ઉડ જા ઉડ જા પ્યાસે ભંવરે  
રસ ન મિલેગા ખારોં મેં  
કાગઝ કે ફૂલ જહાં ખીલતે હૈ  
બૈઠ ન ઉન ગુલઝારોં મેં  
નાદાન તમન્ના રેતી મેં  
ઉમ્મીદ કી કશ્તી ખેતી હૈ  
ઇક હાથ સે દેતી હૈ દુનિયા  
સૌ હાથોં સે લેતી હૈ  
યે ખેલ અભી હૈ જારી  
બિછડે સભી બારી બારી

આ ગીત એટલે ગીતકાર કૈફી આઝમીના શબ્દો, સંગીતકાર એસ.ડી. બર્મનના સ્વરો અને મોહમ્મદ રફીનો કંઠ : સરવાળે દર્દની તમામ હદો પાર કરાવી દેતું ગજબનું સંવેદન. 'કાગઝ કે ફૂલ'ને સરિયામ નિષ્ફળતા મળ્યા પછી ગુરૂ દત્તે 'ચૌદવી કા ચાંદ' બનાવી જે ખૂબ ચાલી. તેઓ કહેતા, લાઈફ મેં યાર ક્યા હૈ ? દો હી તો ચીઝ હૈ - કામિયાબી ઔર ફેલ્યોર. ધૈર ઈઝ નથિંગ ઈન બિટ્વિન.'

હું તજો મારૂં તજો, જગ આપણું થશે, જીંદગી છે નાની એ મોટું નજરાણું થશે,  
લીલા હશો ને તે છતાં જો છાયડો દેશો નહિં, સુક્કા થયેલા ઝાડનું બસ તાપણું થશે.  
- પ્રફુલ જોષી

વર્ષો પછી વહીદા રહેમાને એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું, 'ગુરુ દત્તને 'કાગજ કે ફૂલ' રિલીઝ થયા પહેલાં જ તેની નિયતિનો થોડો અંદાજ આવી ગયો હતો. એકવાર મને કહ્યું હતું, આટલી વિરાટ ફિલ્મ બનાવી છે, કદાચ નહીં ચાલે.'

એક વર્ગ એવું માને છે કે 'કાગઝ કે ફૂલ'માં ગુરુ દત્તના જીવનની ઝલક છે. ફિલ્મ બની ત્યારે ગુરુ દત્ત – ગીતા દત્તના સંબંધો પણ કથળી ચૂક્યા હતા અને વહીદા રહેમાન સાથેના સંબંધો ચર્ચાતા હતા. જોકે સુરેશ સિંહાના મૃત્યુ દ્વારા ગુરુ દત્તે પોતાના એકલવાયા અને ઉદાસ મૃત્યુની આગાહી કરી હતી કે કેમ એ ચર્ચાનો વિષય છે.

બીજો એક વર્ગ માને છે કે આ ફિલ્મ ૧૯૪૦ના જાણીતા દિગ્દર્શક ગ્યાન મુખરજીના જીવન પર આધારિત છે. તેમની ફિલ્મ 'કિસ્મત' અત્યંત સફળ થઈ હતી. તેવી જ વિરાટ તેમની નિષ્ફળતા પણ હતી. ગુરુ દત્ત તેમના જીવનને નજીકથી જાણતા અને તેમની પીડાને સમજતા હતા. 'કાગઝ કે ફૂલ' પહેલાંની ફિલ્મ 'પ્યાસા' ગુરુ દત્તે ગ્યાન મુખરજીને અર્પણ કરી હતી. તેથી આ ફિલ્મ તેમના જીવન પર આધારિત હોવાની શક્યતા વધી જાય છે.

'કાગઝ કે ફૂલ'નું બીજું ગીત 'વક્ત ને કિયા ક્યા હંસી સિતમ' પણ ખૂબ સુંદર હતું. આ બન્ને ગીતમાં અને સમગ્ર ફિલ્મમાં ઉચ્ચ કક્ષાનું કલાનિર્દેશન છે. કલાદિગ્દર્શક એન.આર. આચરેકરને 'ફિલ્મફેર બેસ્ટ આર્ટ ડિરેક્ટર' અને વી. કે. મૂર્તિને 'બેસ્ટ સિનેમેટોગ્રાફર' એવોર્ડ એનાયત થયો હતો.

'કાગજ કે ફૂલ'ના દિગ્દર્શક ગુરુ દત્ત હતા, લેખક હતા અબ્રાર અલ્વી. દિગ્દર્શક લેખક અબ્રાર અલ્વીએ ૫૦-૬૦ના દાયકામાં મોટા ભાગનું કામ ગુરુ દત્ત સાથે કર્યું હતું. ગુરુ દત્તની ફિલ્મો 'આરપાર', 'સાહબ બીબી ઔર ગુલામ', 'પ્યાસા', 'મિ. એન્ડ મિસિસ ફિફ્ટીફાઈવ' અને 'કાગઝ કે ફૂલ' તેમણે લખી. તેમણે કરેલું સૂચન ગુરુ દત્તને એટલું ગમી ગયું કે તેમણે તેમને 'આરપાર' લખવા આમંત્રણ આપ્યું. 'સાહબ બીબી ઓર ગુલામ'નું દિગ્દર્શન પણ તેમણે કરેલું તેવું કહેવાય છે, ગુરુ દત્ત મહાન સ્વપ્નસેવી સર્જક હતા, પણ તેમને તેમનાં સ્વપ્નોને હકીકતમાં મૂકે તેવા કોઈકની જરૂર રહેતી – એ વ્યક્તિ હતા અબ્રાર અલ્વી. ગુરુ દત્તની સર્જન પ્રતિભાને પચાવનાર અને વ્યક્ત કરનાર કસબી. ઝઘડાઓ અને દલીલબાજી વચ્ચે તેમની દોસ્તીની નાવ સરળતાથી વહેતી.

'કાગજ કે ફૂલ' ની ખુશબો આજે પણ યથાવત્ છે. યશરાજ ફિલ્મે તેની ડીવીડી બહાર પાડી છે. તેમાં લંડનની ચૅનલ ફોર દ્વારા ગુરુ દત્તના જીવન અને કાર્ય પર બનાવેલી દસ્તોવજ ફિલ્મ, તેના મિત્રો-સ્વજનોનાં સ્મૃતિચિત્રો અને લતા મંગેશકરે ગાયેલા. 'વક્ત ને કિયા ક્યા હંસી સિતમ' સાથે ગીતા દત્તને અપાયેલી અંજલિ સામેલ છે.

જીવન સાચે જ અજબ છે, અકળ છે, અદ્ભુત છે. અંધારા – અજવાળાનો, પામવા ને ખોવાનો ખેલ સતત ચાલતો રહે છે. સંબંધો તૂટતા જાય છે, સાથીઓ છૂટતા જાય છે ને આમ જ દિવસો ખૂટતા જાય છે. બધું જાય છે, પણ તેને માટે શોક કરવા કરતાં અ બધું મળ્યું હતું તેને માટે આનંદ અનુભવતો – માણસના હાથમાં બસ આટલું જ છે.

**– સોનલ પરીખ,** 'નવનીત સમર્પણ'માંથી સાભાર

❖ ❖ ❖ ❖ ❖

### તિનું લોક ઉજિયારા

ના કાહુકો ડારું, ના કાહુસે ડરું,
ના જાયા મેં ચેલા, ના જાયાં મેં ગરુ!
હોય તૃયત ખોબો જલ, કાહે મટુકી ધરું,
બે બાહર સો ભીતર, કાહુમેં કા ભરું!
ક્યોં કિછુ હિલું, હિલાઉં, ખડા ખડા મેં તરું,
કિધે જાઉં, કા પાઉં, સાંસ સમાણે ઠરું!
ખરાખરી ખુદ ખેલે, કિં ખોટું, કિં ખરું,
ગુનગુનગુન અબ ગાઉં, સબદસબદ કા કરું!
તિનું લોક ઉજિયારા, ઢેર ઢેર જો ઢરું,
પરગટ પરમ પસીરા, કિસકા ટારા ઢરું!

**– રાજેન્દ્ર શુક્લ,** 'નવનીત સમર્પણ'માંથી સાભાર

**આરંભથી અજાણ છું ને અંતથી છું બેખબર, અધવચાળે હું ઉભો છું, છું સફરથી બેખબર,**
**દરિયો મને ગમતો રહ્યો છે આદિકાળ થી, નાવમાં, મઝધારમાં છું, છું સફરથી બેખબર.**
**– પ્રફુલ જોષી**

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### શ્રી ગોરખડી - ધ્રાફા અચલગચ્છ શ્વેતાંબર જૈન સંઘ

માગસર સુદ પૂનમ ૩-૧૨-૨૦૧૭ના બન્ને ગામનું સ્નેહમિલન સહ ધ્વજા મહોત્સવ ઉછામણીનો કાર્યક્રમ ગોપી સિને મોલ, ડોંબિવલી (વેસ્ટ)માં સાંજે ૪ થી ૯ આયોજીત થશે. સર્વે ગામવાસીઓને સસ્નેહ પ્રમુખશ્રી ગિરીશ બાબુલાલ લોડાયા - 9820292949 દ્વારા આમંત્રણ અપાયેલ છે. (ચૌવિહારની વ્યવસ્થા છે)

### ભલારાદાદાની સમૂહ પહેડી તેમજ ચૈત્રી મહોત્સવ

પૂ.ભલારાદાદાની સમૂહ પહેડી તેમજ ચૈત્રી મહોત્સવનું આયોજન નિર્ધારિલ છે. ભલારાદાદાની ૩૦મી સમુહ પહેડી ૧૮ માર્ચ ૨૦૧૮ના મુંબઈ ખાતે રાખવામાં આવેલ છે. આ પહેડીમાં જે પણ ભાવિકોને લાભાર્થી બનવાની ઈચ્છા હોય તેઓ સત્વરે સંપર્ક કરે કુલીન લોડાયા, મોબાઈલ - 9820869708. ચૈત્રી પૂનમનો મહોત્સવ તા.૨૯-૩૦-૩૧ માર્ચ ૨૦૧૮ (ગુરુ-શુક્ર-શનિ)ના રોજ લાલપર-જામનગર ખાતે યોજવામાં આવેલ છે.

### શ્રી અનંતનાથજી યુથ ફોરમ, કાંજુરમાર્ગ

પ્રથમ વખત મહિલા અન્ડરઆર્મ બોક્ષ ક્રીકેટ ટુર્નામેન્ટ ૨૦૧૮નું આયોજન કરી રહ્યા છીએ. ભારતભરની કોઈપણ મહિલા ટીમ ભાગ લઈ શકશે. સ્પોન્સર છે. કલ્પતરૂ રોડલાઈન, શ્રી ધીરેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા (વારાપધર) ટીમ અને બેનર માટે શ્રી વિપુલ ખોના - 9819936251, હેમંત લોડાયા - 9833808236 અને ઉર્વેષ છેડા - 9022023778

### શ્રી પદમ મુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ટ્રસ્ટની શરૂઆત થયેલ. શ્રી પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને માર્ગદર્શન થી ટ્રસ્ટના કાર્યો સારી રીતે ચાલી રહ્યા છે.

ચાલીસગામમાં દર બુધવારના ગરીબોને ભોજન કરાવવામાં આવે છે. જેના કાયમી તિથીના દાતાઓના નામ : ૧) મણીલાલ હંસરાજ ભઠારા હસ્તે રૂપમભાઈ ઘાટકોપર, ૨) મણીલાલ દામજી ધુલ્લા હસ્તે સૌ. નયના અશોક લાપસીયા-મુલુંડ ૩) એક સદ્‌ગૃહસ્થ હસ્તે ગુણવંતીબેન દામજી જેઠાભાઈ પટેલ, ડુમરા, ૪) શા. શામજી મુલજી પોલડીયા (પારોલા-બાયઠ), ૫) નવલબાઈ દામજી ધરમશી, વરલી - સુથરી, ૬) ડુંગરશી ધનજી દંડ (હસ્તે મોંઘીબાઈ દંડ, હુબલી), ૭) પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા. (હસ્તે ગુલાબચંદ આરારિયા લોડાયા, અંકલેશ્વર), ૮) રાજેશ શીવજી નરશી પોલડીયા (બેંગકોક-બાયઠ), ૯) ગિરીશ શામજી ભાટે (હસ્તે સુશિલા ગિરીશ ભાટે, ચાલીસગામ-જખૌ), ૧૦) શ્રી પ્રદિપ ઉમરશી મેપાણી (હસ્તે ઉમરશી શામજી મેપાણી, વડાલા-પરજાઉ), ૧૧) દયમંતિબેન માણેકજી ડાઘા (હસ્તે દક્ષા, હિના, ચારૂ, સીમા, હર્ષા, ડોંબિવલી-દલતુંગી), ૧૨) અચીરા જીગર હરિશ ખોના (સાયન-મુંબઈ), ૧૩) વોવિંદજી જીવરાજ લોડાયા (સાયન), ૧૪) મિતા હિરાચંદ શાહ (હસ્તે રતનબાઈ પોલડિયા, ચાલીસગામ), ૧૫) નવલબાઈ દેવજી પોલડિયા (ચાલીસગામ-બાયઠ)

### પૂજ્ય આચાર્યશ્રી કલાપ્રભસાગર મ.સાહેબના આગામી વિહારક્રમ

માગસર સુદ ૧૪ શનિવાર ૨ ડિસેમ્બર થાણા (વેસ્ટ), માગસર સુદ ૧૫, માગસર વદ ૧ રવિવાર-સોમવાર ૩/૪ ડિસેમ્બર નવી મુંબઈ, માગસર વદ ૭/૮/૯ શનિવાર-રવિવાર-સોમવાર ૯/૧૦/૧૧ ડિસેમ્બર અલિબાગ-નેમીનાથ તીર્થ, કચ્છી ભવન, માગસર વદ ૧૪/૩૦ પોષ સુદ ૧ શનિવાર-રવિવાર-સોમવાર ૧૬/૧૭/૧૮ ડિસેમ્બર પુના, પોષ સુદ ૭/૮/૯ રવિવાર-સોમવાર-મંગળવાર ૨૪/૨૫/૨૬ ડિસેમ્બર સોલાપુર, પોષ સુદ ૧૪ રવિવાર ૩૧

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

ડિસેમ્બર ઇંડી, પોષ વદ ૬ રવિવાર ૭ જાન્યુઆરી ૨૦૧૮ બીજાપુર, ૩૦ જાન્યુઆરી સાંગલી.

ઉપરોક્ત વિહારક્રમ અંદાજિત સમયની વિચારણાને આધારે યોજેલ છે. તેથી સ્થલ-સમય સંજોગોને અનુલક્ષીને ફેરફાર થવાનો સંભવ છે.

## શ્રી મહિલા હિતવર્ધક મંડળ હુબલી દ્વારા બાલદિવસની ઉજવણી

૧૪મી નવેમ્બર એટલે પંડિત જવાહરલાલ નેહરૂ (ભારતના પ્રથમ પ્રધાનમંત્રી)નો જન્મદિવસ અત્રે મહિલા મંડળના આ કાર્યક્રમમાં નાનાં બાળકો અને મહિલાઓ નવિનતાપૂર્વક બાલદિનની ઉજવણી કરી. ૩ થી ૧૫ વર્ષ સુધીના બાળકોને સજ્જન અને સન્નારીની વેષભૂષામાં આવવાનુ હતું જ્યારે બાળકોની માતાઓને નાનપણને યાદ કરી નાના બાળકો જેવા પહેરવેશમાં આવી બાળગીતો પર નૃત્ય કરવાનું હતું. સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આનંદ માણ્યો બાળકો માટે સામાન્ય જ્ઞાનની હરીફાઈ રાખવામાં આવેલ. નાના બાળકોના તેમના પોતાના ફોટાવાળા પદકો અપાયા હતા અને એમને સૌને એમના નામવાળી ખુરશી પર બેસાડી ચોકલેટ, કપ-કેક તથા આઇસસ્ક્રીમની મજા ચખાડવામાં આવી હતી. કપ-કેક સૌ ટીનાબેન વિક્રમ શેઠ તરફથી,જ્યારે અન્ય ભેટ વસ્તુઓ અ.સૌ. હંસાબેન ભરત ધરમશી તથા અ.સૌ. વર્ષાબેન તિલક કુરૂવા તરફથી આપી બાળકોને ખુશ કરાયા હતા. અ.સૌ. વર્ષાબેન તિલક કુરૂવા તરફથી અપાયેલ અલ્પાહારને ન્યાય આપી સૌ છુટા પડ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અ.સૌ. બિન્દીબેન સચીન મૈશેરી તથા સહયોગી કાર્યકરોએ ખૂબજ સારી રીતે પૂર્ણ કરેલ.

## ભાંડુપમાં તપચક્રવર્તી આચાર્ય ભગવંતનું આગમન

અચલગચ્છાધિપતિ તપચક્રવર્તી, પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.ભ. વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.ભ. મહોદય સા. સૂ. મ.સા. મુનીરાજ શ્રી ઉદયરત્નસાગર, વ્યાખાનકાર મુની શ્રી ગુણવલ્લભસા મ.સા., મુની દેવરક્ષિતશ્રીજી મ.સા. આદિ ઠાણાઓ સા. ભગવંતો શ્રી સંઘની વિનંતીને માન આપી વિશાળ સંખ્યામાં ૧૪-૧૧ ના પધારતા બંને સંઘોના શ્રાવક-શ્રાવિકાઓ ૩૦૦ જણના સંખ્યાએ પધારી ચાતુર્માસ સમો ઢોલ શરણાઇએ સામૈયું કર્યું. સામૈયે શણગારેલા બેડા, ગહુંલીઓ, આકર્ષક પરિધાન, રંગોળી વગેરે આકર્ષણ રહ્યા. આ.ભ. બે હાથે આશીષ વર્ષા કરતાં પૂ. મુનીરાજ શ્રી પ્રિયંકર સાગરજી મ.સા.એ પ્રસંગોચીત પ્રવચન કરી શ્રી સંઘના ભાવોલ્લાસ સાથે કવીરાજ લહેરચંદ મૈશેરીના ગુરૂજી અમારો અંતર્નાદ સ્લોગનની અનુમોદયા અનુમોદના.

સંપૂર્ણ દિવસના શુભેચ્છક દાતા માતુશ્રી વિજયાબેન દામજી લોડાયા અને માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા હ. મનોજભાઈ હતા. બંનેય પરિવારોએ તપચક્રવર્તીનું સુવર્ણ અને આ.ભ.નું રજત ગીનીએ ગુરૂપૂજન કરી સંઘ પૂજન સાથે ભવ્ય નવકારશી એ પ્રસંગની ગરિમા વધારી. શ્રી સંઘ તરફથી મંત્રીશ્રી ચેતનભાઈ મોમાયા અને મહાનુભાવોએ દાતા પરિવારનું ગૌરવ કર્યું. સંખ્યાબંધ મહાનુભાવોએ હાજરી આપી. અખીલ ભારત અછલગચ્છ વિધીપક્ષમાં વરાડીયાના શ્રી હરીશભાઈ ધનજી ડાઘા ટ્રસ્ટી તરીકે ચૂંટાતા શ્રી સંઘે શુભેચ્છાએ ગોલ્ડન તિલકે વધાવ્યા.

**લગ્ન સંબંધી :** ચી. અનીક નેવિલ ખોના (પાલાણી) ગામ : કોઠારા, હાલ : મુલુંડ, જન્મ તા. ૫-૧૧-૮૧, હાઇટ ૫-૮, વ્યવસાય - હાલ થાણા (Make My Trip (Operation & Sales) શિક્ષણ : IATA Level II, Diploma in Tours & Travels & Many Country Specialist Program. માતા : **શૈલા નેવિલ પાલાણી - 09819548118**

## મૃદુલા આર્ટ એક્ઝીબીશન - થાણે




સને ૨૦૧૩થી દર વર્ષે થાણે નોર્થ એન્ડના ઇનર વ્હીલ ક્લબના ઉપક્રમે ભૂતપૂર્વ ડીસ્ટ્રીક્ટ ચેરપર્સન મૃદુલા (મૃદુલા હીરાચંદ દંડ)ના નામે કળા પ્રદર્શન યોજાય છે. આ વર્ષે ૨૨ નવેમ્બરના યોજાયેલ. મૃદુલા આર્ટ એક્ઝીબીશનમાં દિવ્યાંગ કલાકારો દ્વારા તૈયાર કરાયેલ ચિત્રો અને હસ્તકલા કૃતિઓ પ્રદર્શિત થયા હતા. મુખ્ય અતિથિ તરીકે થાણેના મેયર શ્રીમતી મિનાક્ષી શિંદે અને સન્માનીય અતિથિ તરીકે શ્રીમતી મૃદુલા દંડ ઉપસ્થિત રહ્યા હતા.

**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

# અવસર સારીઝ

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : **દિનેશ દેઢિયા - 92234 25676**

## વડોદરા-ચાર્તુમાસ પરિવર્તન

વડોદરા કેડીઓ નગરે પૂ. સાધ્વી શ્રી હંસાવલી મ.સા. આદી ઠાણાનું ભવ્યાતીભવ્ય ચાર્તુમાસ કારતક વદ અમાસ ના પુર્ણ થયેલ પૂજય શ્રીના (ઠાણા-ઉઠાણા) ચાર્તુમાસ પરિવર્તનનો લાભ ૪-૧૧-૨૦૧૭ના રોજ શ્રીમતી વર્ષાબેન રાજેશભાઈ મોતા પરિવારે લીધો કેડીઓ નગર થી અલકાપુરી વહેલી સવારના ૫-૩૦ કલાકે સંઘ રત્ન રાજેસભાઈના નિવાસ સ્થાને પૂજયશ્રી સાથે બહોળી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકા અને યુવાનો એ પગપાળા સાથ આપ્યો લગભગ ૨૦૦ વ્યક્તિઓએ વંદન-વ્યાખ્યાન નવકારશીનો લાભ લીધો. વડોદરા શ્રી અચલગચ્છ જૈન ભવનમાં બિરાજમાન પૂ.સા.શ્રી આગમકીરણાશ્રીજી મ.સા. આદી ઠાણાનું ચાર્તુમાસ પરિવર્તન રાવપુરાથી કારેલીબાગ ૪-૧૧-૨૦૧૭ના રોજ શ્રીમતી હર્ષાબેન પ્રવિણ મારૂના નિવાસ સ્થાને હતુ.સકળ સંઘ માટે વ્યાખ્યાન નવકારશીની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

## રાયપુર ખાતે વનવાસી વિકાસ સમિતિ - છત્તીસગઢ




રાયપુર ખાતે વનવાસી વિકાસ સમિતિ છત્તીસગઢ આયોજીત પ્રાંત યુવા શિબીરમાં વનવાસી કલ્યાણ આશ્રમના પ્રમુખ સંસદસભ્ય શ્રી જગદેવરામ ઉરાવ તથા અન્ય પદાધિકારીઓ સાથે કલ્યાણ આશ્રમના પ્રદેશ કોષાધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ મૈશેરી.

## જસાપર ખાતે ૧૪૧ મી ધ્વજા મહોત્સવ

જસાપર નગરે શેઠશ્રી કેસવજી નાયક સ્થાપિત શ્રી આદેશ્વર દાદાની ૧૪૧મી ધ્વજા મહોત્સવ ૨-૨-૨૦૧૮ના નિર્ધારીત થયેલ છે તો સર્વે ગામવાસી તથા નિયાણી બહેનોએ જસાપર મધે પધારવા ભાવભર્યું આમંત્રણ.

ભાંડુપમાં આપણા ક.દ.ઓ. જૈન સંઘના ઉપક્રમે યોજિત ચાતુર્માસના વિવિધ અનુષ્ઠાનો-કાર્યક્રમોમાં પૂજ્ય ધર્મપ્રિયાશ્રી, કેવલપ્રિયાશ્રી અને જિનપ્રિયાશ્રી મ.સાહેબોનાં તપસ્યા-પ્રેરણાથી અનુગ્રહિત થયેલ ૧૨ વર્ષની બાળા ક્રિષા કમલેશ મૈશેરીએ અંગ્રેજીમાં પોતાના મનોભાવો વ્યક્ત કર્યા છે તેનો લેખ :

## VIDAY SAMARAMBH

Param Pujya Dharmapriya Shri Marasaib, Kevalpriya Shri Marasaib Jinpriya, Shri Marasaib na Charno ma koti, koti Vandan. We are also lucky that you came for chaturmas in Bhadndup, it almost changed our path of life. Your Pawan Paglas changed the way we see things in Bhandup. Your vani informed and told as who we are, where we came from and where will we go. Including so many activities, I took part from the bottom of my heart and I enjoyed them. I wonder the chaturmas just started 1 minute ago. I don't know how the time passed so fast. 4 Marasaib all doing big tapasya with one who did Mahabhadra tap, she also included various sanghs to do the Mahabhadra tap in an easier way, We are crying from our heart but we have to tell you bye. Our upashra will be empty but this is the Karma's choice. We hope to see you again. Your Pawan Paglas will make a miracle next time too. Please do come here again.

### સંસ્થા સમાચાર વિગતવાર છપાશે.

આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિરૂપ વિશેષણો, અંલકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. સમાચાર મોકલતી વખતે પોતાનું નામ તથા મોબાઈલ નં., ઈમેલ આયડી મોકલવા જેથી માહિતી અંગે સંપર્ક સાધી શકાય.

### પત્રવ્યવહારમાં PS નંબર જણાવવા વિનંતિ

આપને મળતા 'પ્રકાશ સમીક્ષા'ના અંકના છેલ્લે પાને નીચેના જમણા ખુણામાં આપના સરનામાનું સ્ટીકર હોય છે તે ઉપર જે **PS** નંબર દર્શાવેલ છે તે અમારા રજીસ્ટરમાં આપનો કાયમી સંદર્ભ નંબર રહેશે. તેથી સરનામાં બદલ થવાની, અંક ન મળવાની અને જીવનચક્ર જેવી બાબતે પત્રવ્યવહાર કરતી વખતે ઉપરોક્ત સંદર્ભ નંબર અવશ્ય જણાવશો અન્યથા આપના પત્રના વિષયે ધ્યાન આપી શકાશે નહીં કે વિલંબ થશે તેની નોંધ લેવા વિનંતિ.

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ચેતન લક્ષ્મીચંદ ખોના** (PS 7272) | એ-૧૦૧, શાંતિનિકેતન કો.હા.સો., શનિ મંદિરની સામે, દેસલેપાડા, નાંદિવલી રોડ, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: 093228 71019 |
| **ભુપેન્દ્ર ખુશાલ પોલડીયા** (PS 2936) | ૧૦, કૃષ્ણ લીલા કો.હા.સો., પ્લોટ નં. ૩૭, ગાંધી નગર, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: 099307 82936 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૯-૧૭ | નલિયા | ટીશા, મયુરી ચંદ્રેશ મેઘજી છેડા | શહાડ | પુત્રી |
| ૧૪-૧૧-૧૭ | મુલુંડ | પ્રથમ, છાયા પિયુષ મહેન્દ્ર દંડ | સેવક ભરૂડીયા | પુત્ર |
| ૨૦-૧૧-૧૭ | ચોપરા | બેબી, સ્વાતી મયુર લોડાયા | નલિયા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૧૧-૧૭ | ડોમ્બીવલી | નીરવ બકુલ પ્રેમજી ગોસર | બારોઈ | ૩૧ |
| | ડોમ્બીવલી | શ્વેતા દિપક ચંદુલાલ દંડ | ધ્રાફા | ૨૮ |
| ૧૯-૧૧-૧૭ | ડોમ્બીવલી | વિક્કી (વિશાલ) રાજેશ શિવજી ધરમશી | રંગપુર | ૨૯ |
| | ડોમ્બીવલી | પિંકી હરીશ જીવરાજ મોતા | કુઆપધર | ૨૯ |
| ૩૧-૧૦-૧૭ | રાયપૂર | અનિલ પ્રવીણચંદ્ર જવેરચંદ લોડાયા | સાંધાણ | ૨૩ |
| | પારોલા | શિતલ પરેશ પદમશી શિયાળ | જખૌ | ૧૯ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૧૧-૧૭ | ગાંધીધામ | સ્મિથ દિલીપ પ્રેમચંદ મોમાયા | મોટી સિંધોડી | ૨૪ |
| | ડોમ્બીવલી | મોનિકા ચેતનકુમાર શામળદાસ આશર | જામનગર | ૨૪ |

### લગ્ન છૂટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૯-૧૭ | ખીડકિયા | ગુંજન રૂપચંદ નાગડા | લાલા | ૩૧ |
| | હુબલી | રૂચી ચેતન નવીનચંદ્ર લોડાયા | વારાપધર | ૨૮ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૧૧-૧૭ | વડોદરા | રમીલાબેન હિરાચંદ શામજી લોડાયા | કોઠારા | ૭૨ |
| ૨૦-૧૧-૧૭ | દાવણગીરી | ગુલાબચંદ ભવાનજી કાનજી સોની | સુથરી | ૭૬ |
| ૨૪-૧૧-૧૭ | ઘાટકોપર | હિરબાઈ દેવશી હિરજી વિકમશી (ભગત) | - | ૯૧ |
| ૨૪-૧૧-૧૭ | ડોમ્બીવલી | જમકુબેન કુંવરજી મોમાયા | જખૌ | ૭૯ |

## ધર્મસંદેશ - ૧૧૧ નો ઉકેલ

ઉકેલ : આડી ચાવીઓ -
(૧) કુંથુનાથ (૪) ચંપા (૬) પદ્મનાથ (૧૦) વિહાર
(૧૨) નેમનાથ (૧૫) સકલતીર્થ (૧૭) રથ (૧૮) કુસુમ
(૨૧) પુના (૨૨) વંથલી (૨૩) વ્રજ્જ (૨૪) સુતારા
(૨૬) પૂજન (૨૭) રામપોળ (૨૮) વસુપૂજ્ય
(૩૦) ક્ષય (૩૧) નાણા (૩૨) છરિ

ઊભી ચાવીઓ -
(૧) કુંભ (૨) નાક (૩) પદ્મ (૫) પાર્શ્વનાથ (૬) પદ્માવતી
(૭) ભક્તામર (૮) કાવિ (૯) નરક (૧૧) હાસમપુરા
(૧૩) નાથ (૧૪) કંકુ (૧૬) લક્ષ (૧૯) પાલી
(૨૦) ઉજ્જ્વળગિરિ (૨૨) વંદન (૨૫) નામ (૨૬) પૂજ્ય
(૨૭) રાયણ (૨૮) વહી (૨૯) પૂજા

# શ્રી ક. દ. ઓ. જૈન સંઘ, પુના.

આ છે અમારા માનવંતા મોભી,
જેમની ઉપસ્થિતીથી પ્રસંગ ઉઠયો હતો શોભી.....

## યુરેનિયમ દાતાશ્રી



શ્રી તરૂણભાઈ રતનશી લોડાયા

## ડાયમંડ દાતાશ્રી



માતુશ્રી નવલબેન નવીનચંદ્ર ધરમશી પરિવાર



માતુશ્રી વાલબાઈ જેઠાભાઈ લોડાયા



શ્રી જયંતભાઈ દેવજી નાગડા



માતુશ્રી ઈન્દુમતિ હીરાચંદ છેડા



શ્રી. જ્ઞાનેશભાઈ ચીમનલાલ ડાઘા



ડૉ. રાહૂલ નવિનચંદ્ર નાગડા



શેઠ શ્રી. હંસકુમાર બી. ખીમજી



શ્રી પ્રવિણ ખેતશી કુરૂવા



એક સદગૃહસ્થ

## ગોલ્ડન દાતાશ્રી



શ્રી. લાલજી રતનશી મહેશ્વરી



માતુશ્રી લિલાવંતી રતીલાલ ધરમશી



શ્રી નરેંદ્રભાઈ શામજી લાપસિયા

## ગોલ્ડન દાતાશ્રી


શ્રી. કિશોર તેજપાલ રતાણી પરિવાર


શ્રી. શરદભાઈ કાંતિલાલ શાહ (નાગડા)


માતુશ્રી બાયાંબાઈ શામજી મોતા પરિવાર


શ્રી માણેકજી દેવજી ધરમશી


શ્રીમતી વાસંતી નવીન ટોકરસી લોડાયા


શ્રીમતી લક્ષ્મીબેન પ્રેમચંદ ધરમશી


અ. સૌ. સ્વ. ધનબાઈ જેઠાભાઈ ખોના પરિવાર

## સિલ્વર દાતાશ્રી


શ્રીમતી હિરાવંતી મણિલાલ ધરમશી


શ્રી. પિયુષ કીર્તીકુમાર દંડ


શ્રીમતી નીતા અજય દંડ


એક સદગ્રહસ્થ

**શરદપુનમની સંગાથે દાનવીરોનું બહુમાન :** શ્રી પુના સંઘના આંગણે તા. ૮-૧૦-૨૦૧૭ ના રવિવારે ૩૬૦° ઍડવ્હેંચર રિસોર્ટ ની હીલ સ્ટેશન સમાન જગ્યાએ શરદપુનમની ઉજવણીની સાથે સાથે સંઘના ત્રિવાર્ષિક સાધારણ ફંડના દાતાશ્રીઓના બહુમાનનો રંગારંગ કાર્યક્રમ પાર પડેલ. સૌ પ્રથમ પધારેલા સૌ મહાનુભવોનું તિલક-બાદલાથી સ્વાગત કરાવાયેલ તથા હાઈ ટી સાથે વિવિધ નાસ્તાની લજ્જત પિરસાયેલ. નાના બાળકો માટે ફુગાઓની વિવિધ આકારની કૃતિઓ તેમજ નાના મોટા સૌ માટે ટૅટૂ ની વ્યવસ્થા રખાયેલ. ત્યારબાદ સર્વે દાતાશ્રીઓને સાફા તથા બેજીસ પહેરાવાયા પછી સર્વે દાતાશ્રી પરિવારોને ઢોલ શરણાઈના તાલે મંચપર આમંત્રિત કરાયેલ. પ્રથમ શ્રી નવકાર મહામંત્રનું ઉચ્ચારણ કરી બહુમાન કાર્યક્રમ આરંભાયેલ. સૌનુ સ્વાગતગીત દ્વારા અભિવાદન કરાયેલ જેમાં પલ્લવી નાગડા, સોનલ લોડાયા, સુપ્રિયા લોડાયા અને દિનલ ધરમશીએ ભાગ લીધો. ત્યારબાદ યુરેનિયમ દાતા પછી ડાયમંડ દાતા, સુવર્ણદાતા તથા રજત દાતાઓને મોમેન્ટો, શેશે અને હાર દ્વારા ભાવપુર્વક નવાઝવામાં આવ્યા. કુલે ત્રેવીસ દાનવીરોએ આપેલા અભૂતપુર્વ સાથ સહકાર બદલ બિરદાવવામાં આવ્યા. ત્યારબાદ પ્રમુખ કિશોર રતાણી એ દાનશુરો અને પધારેલા સર્વે જ્ઞાતિજનોનો આભાર માનેલ. પછી ઉપપ્રમુખ કીર્તીબેન નાગડા દ્વારા આભારવિધિ કરાયેલ. સૌ. રિતલબેન નાગડાએ સૌને ગેમ રમાડી ખુશ કરી દીધા લજ્જતદાર ભોજનનો સૌ એ આનંદ માણેલ. મુંબઈ થી પધારેલ લીખીયા ઢોલીના ઢોલ શરણાઈના સુરે દાંડિયા, રાસ, ગરબા, મટુકડી, બાર દાંડિયા, સનેડો, હીંચ અને ભાંગડા વગેરેની રમઝટ માણેલ.

આ કાર્યક્રમની સફળતા માટે પ્રમુખ શ્રી ના માર્ગદર્શન હેઠળ શ્રી. ખુશાલ મહેશ્વરી ના સલાહ સુચનથી કિર્તીબેન નાગડા તથા ઉર્વેશ દંડે તેમજ અન્ય સભ્યોએ ખાસ જહેમત ઉઠાવેલ. અહિં ખાસ ઉલ્લેખ કરવાનો કે પોતાની હિલ સ્ટેશન જેવો રિસોર્ટ ૩૬૦° ના વપરાશ તે પણ વગર ચાર્જે આપવા બદલ તથા કાર્યક્રમની ગોઠવણ માટે શ્રી. સંજયભાઈ ધરમશીની શ્રી સંઘ ભરી ભુરી અનુમોદના કરે છે. મંચપર કાર્યક્રમનું સુત્ર સંચાલન સૌ સુપ્રિયા આકાશ લોડાયા, સૌ. સોનલ દિપક લોડાયા તેમજ કુ. દિવ્યા શરદ મોમાયા દ્વારા સફળ રીતે પાર પડાયેલ. કાર્યક્રમમાં આવનજવન માટે બસની વ્યવસ્થા સંઘ તરફે રખાયેલ.



# પ્રથમ પુણ્યતિથિએ

## ભાવભીની સ્મરણાંજલિ...

# અ.સૌ. ચારૂલતા

## ભરત મુલજી મૈશેરી

(ગામ - જખૌ • હાલ - મુલુંડ)

: જીવનયાત્રા :
તા. ૨-૧૦-૧૯૫૫ થી તા. ૨૬-૧૧-૨૦૧૬

એકલા બેસીને વિચારીએ છીએ ત્યારે સમજાય કે તમારા વગરની કેટલી અધુરી છે આ જીંદગી...
આંખના પલકારાની જેમ આપના અચાનક જવાથી સર્જાયેલો શૂન્યાવકાશ ભરાય તેમ નથી,
આ ખાલીપો એવો છે જે જગતમાં કોઈ ભરી શકે તેમ નથી.
દ્રષ્ટિમાં હજુએ રમે છે આપનો હસતો ચહેરો, અંતરમાં હજુયે ધબકાય છે આપની સ્મૃતિના ધબકારાં,
નથી કોઈ આ દુનિયામાં અમર, પણ આમ અચાનક જશો કોને હતી ખબર...
પરમ કૃપાળુ પરમાત્મા તમારા આત્માને પરમ શાંતિ આપે એ જ અમારી પ્રભુને પ્રાર્થના...
આપના અપાર વાત્સલ્ય, અસીમ અમી દ્રષ્ટિ, શ્રધ્ધા અને સમર્પણની
અમૂલ્ય ભાવનાની સ્મૃતિ-સુહાસ હંમેશા અમારા જીવનમાં વહેતી રહેશે.

### : શોકાતુર પરિવાર :

જીવનસાથી : ભરત મુલજી મૈશેરી
પુત્ર-પુત્રવધુ : અ.સૌ. રીના પરેશ મૈશેરી
દિકરી-જમાઈ : અ.સૌ. પ્રીતિ દિનેશ નરેશ લોડાયા (કોઠારા-ચોપડા)
પૌત્ર-પૌત્રી : ચિ. ભક્તિ અને ચિ. યુગમ
નણંદ-નણંદોઈ : ગં.સ્વ. જયવંતીબાઈ ચિમનલાલ નારાણજી પટેલ (નલિયા-હુબલી)
: ગં.સ્વ. લક્ષ્મીબાઈ હિરાચંદ મુલજી શેઠ (કોઠારા-કુમઠા, હાલ-હુબલી)
: ગં.સ્વ. નયનાબેન મુકુંદ ચિમનલાલ મોતા (સુથરી-અહમદનગર)
માતા-પિતા : ગં.સ્વ. સોનબાઈ ભવાનજી લાપસીયા (રંગપુર)

## પરીચા સ્ટોક બ્રોકર પ્રા.લિ.

BINITA S. MARU - 9869034162

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (27-11-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# GEM OF OUR KDO COMMUNITY & COUNTRY



## CA KAMLESH SHIVJI VIKAMSEY

**(Khimji Kunwarji & Co.)**

First Indian as Chairperson of **External Audit Committee (EAC)** of **International Monetary Fund (IMF)** from 1st November, 2017.

Heartiest Congratulations **Kamleshbhai** for your Achievment !

The whole KDO community & our country if proud of you !

We wish that you keep achieving new milestones & our youth seeks inspiration from your achievements !



**Bipin Nagda**

Wealth Mgmt. & Ins. Mktg. LLP.

**Off.: 682, Ajanta Compound, Bhiwandi, Dist. Thane - 421305**

+91 2522 232190 / 254011 / 231411
+91 93235 25000
+91 98221 91498
bipinpnagda@gmail.com
www.bipinnagda.com

Member: CM Club: LIC of India
CMD Club: The New India Ass. Co. Ltd.
Elite Circle Club : ICICI Lombard GIC Ltd.
Dy. Director Club : Apollo Munich Health Ins. Co.

CERTIFIED ISO 9001:2015 COMPANY

AN ISO 9001:2015 Cert. Co.

ISO 9001:2008

INSURANCE SERVICES

CERTIFIED COMPANY

*You're safe in our hands.*

Since 1977

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,